પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૦૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૨-૧૨-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના મામલે રાજ્ય સરકાર એલર્ટ

## ગુજરાતમાં ઓમિક્રોનના સબ વેરિયન્ટના ૩ કેસની આશંકા, દવા અને કોવિડ કેર સેન્ટરોની તાત્કાલિક વ્યવસ્થા કરી

ગાંધીનગર,

ચીનમાં વધી રહેલા કેસને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાવચેત બની છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં રીવ્યુ બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં કોવિડ ૧૯ની સ્થિતિ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યમાં ઓક્સિજન, દવા, કોવિડ કેર સેન્ટર, રસીકરણ જેવી સુવિધા બાબતે રિવ્યૂ કરવામાં આવ્યો હતો. શહેરી વિસ્તાર અને જિલ્લામાં આરોગ્ય માટેની સગવડ કેવા પ્રકારની છે? તે અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.



ચીનમાં કોરોનાનો ખતરનાક ઓમિક્રોનનો સબ વેરિયન્ટ મ્હ.૭ના કેસો જે રીતે આવી રહ્યા છે. ત્યારે સૂત્રો મુજબ ઓમિક્રોનના સબવેરિયન્ટના ગુજરાતમાં બે કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદ અને વડોદરામાં એક એક કેસ નોંધાયો છે. અમદાવાદ શહેરના સોલા વિસ્તારમાં એક અઠવાડિયા પહેલા તે વ્યક્તિને કોરોના થયો હતો અને તેના જિનોમ સિકવન્સ માટે ગાંધીનગર ખાતેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જીનોમ સિક્વન્સની તપાસમાં ઓમિક્રોનનો સબ વેરિયન્ટ હતો. અમદાવાદમાં એક અઠવાડિયા પહેલા કેસ નોંધાયો હતો. જ્યારે વડોદરામાં જે કેસ નોંધાયો છે તે નવો કેસ છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા હજી સુધી આ મામલે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

એડિશનલ ચીફ સેક્રેટરી (હેલ્થ) મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે ચીનમાં જે કોરોનાના વેરિયન્ટ પ્રમાણે કેસો આવી રહ્યા છે તે કયા છે તે હજી સુધી સ્પષ્ટ નથી અને ડબ્લ્યુએચઓ દ્વારા પણ હજી સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. ગુજરાતમાં જે પણ કોરોનાના પોઝિટિવ કેસ આવી રહ્યા છે તેના દરેકના જિનોમ સિક્વન્સ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. હજી સુધી કોઈ એવો કોઈ કેસ ગુજરાતમાં જોવા મળ્યો નથી.

ચીનમાં જે રીતે કોરોના ફેલાઈ રહ્યો છે તે ઓમિક્રોનનો સબવેરિયન્ટ બીએફ.૭ હોવાનું પ્રાથમિક રીતે જણાયું છે ત્યારે ગુજરાતમાં જે પણ કોરોનાના કેસ આવી રહ્યા છે, તેના જિનોમ સિકવન્સ કરવામાં આવી રહ્યા છે. ગુજરાત બાયો ટેકનિકલ રિસર્ચ સેન્ટરમાં કરવામાં આવેલા ટેસ્ટમાં અમદાવાદ અને વડોદરામાં એક એક કેસ નોંધાયો છે. જેમાં એક કેસ નવો છે અને એક કેસ જૂનો હોવાનું સામે આવ્યું છે. કોરોનાના વધતા કેસોને લઈ અને હવે દરેક પોઝિટિવ કેસ આવી રહ્યા છે તેને જીનોમ સિક્વન્સ કરવાની સૂચના આપી દેવામાં આવી છે. ગુજરાતમાં હાલમાં એવો કોઈ કેસ હોવાનું સામે આવ્યું નથી. કોરોનાના અલગ અલગ વેરિયન્ટ સબ વેરિયન્ટ જોવા મળે છે. અમદાવાદમાં જે કેસ નોંધાયો હતો તે જૂનો છે અને કવોરન્ટીન થયા બાદ તે કોરોના મુક્ત પણ થઈ ગયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ મામલે હજી સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ગુજરાત સરકારના આરોગ્ય સચિવ મનોજ અગ્રવાલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે પરિસ્થિતિ સંપૂર્ણ કાબુમાં છે તેમ છતાં પણ પ્રતિદિન ૭ હજારથી ૮ હજાર જેટલા સેમ્પલનું જિનોમ સિકવન્સ કરવામાં આવી રહ્યું છે, હાલમાં પોઝિટિવ કેસો સિંગલ ડિજીટમાં આવી રહ્યા છે. જ્યારે પ્રતિ માસ સરેરાશ ૪૦ જેટલા જ છે. હાલમાં ગુજરાત માં ફકત ૨૦ કેસ જ એક્ટિવ છે અને હોસ્પિટલમાં એક પણ કોરોના અસરગ્રસ્ત દર્દી દાખલ નથી. તેમ છતાં પણ આગોતરા આયોજન મુજબ ગુજરાતમાં બેડની સંખ્યા, દવાનો પુરતો જથ્થો અને સ્ટાફની સંખ્યા બાબતે પણ આયોજન કરી લેવામાં આવ્યું છે.

કોરોનાની બીજી લહેર દરમિયાન ગુજરાતની હોસ્પિટલોમાં બેડની સંખ્યા ઓછી થઈ હતી, ત્યારે અલગ અલગ શહેરના વિસ્તારોમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યા હતા. રાજ્યના આરોગ્ય સચિવ મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે, કોવિડ કેર સેન્ટર અત્યારે સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે. હાલની તારીખમાં એક પણ કોવિડ કેર સેન્ટર કાર્યરત નથી. પરંતુ દિલ્હીથી જે સૂચના આવશે તે તમામ સૂચનાનું અમલીકરણ કરવામાં આવશે. પરંતુ વ્યવસ્થા તમામ કરવામાં આવી છે અને જે કોવિડ કેર સેન્ટર હતા તેને અત્યારે તાત્કાલિક ધોરણે એલર્ટ પર મૂકી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, અત્યારે ૩૩ જિલ્લા પૈકી એક પણ કોવિડ હોસ્પિટલમાં દર્દી દાખલ નથી જેથી હાલના તબક્કે કોવિડ કેર સેન્ટરને સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે. ઉપરાંત મેડિકલ ઓકસીજન પ્લાન્ટ, ઓકસીજન પાઈપ લાઈન, ઓકસીજન પ્લાન્ટ દવાનો જથ્થો વગેરે એલર્ટ રાખ્યા છે.

ગુજરાતમાં રસીકરણની સ્થિતિ જોઈએ તો ૧૫ થી ૧૭ વર્ષના ૩૧,૩૧,૨૨૧ લોકોએ પ્રથમ ડોઝ લીધો, ૧૫ થી ૧૭ વર્ષના ૨૯,૦૩,૧૮૫ લોકોએ બીજો ડોઝ લીધો, રાજ્યમાં ૬૦ વર્ષથી વધુ વયના ૫૯,૨૯,૭૪૦ લોકોએ પ્રિકોશન ડોઝ લીધો, ૧૨ થી ૧૪ વર્ષના ૧૯,૪૦,૮૬૫ લોકોએ રસીનો પ્રથમ ડોઝ લીધો, ૧૨ થી ૧૪ વર્ષના ૧૬,૭૭,૫૬૯ લોકોએ રસીનો બીજો ડોઝ લીધો, ૧૮ થી ૫૯ વર્ષના ૧,૩૪,૦૮, ૫૧૬ લોકોએ પ્રિકોશન ડોઝ લીધો, ૮ કોર્પોરેશન અને ૧૨ જિલ્લામાં ૧૦૦ ટકા રસીકરણ થયું, અમદાવાદમાં સૌથી વધારે ૫,૩૫,૩૯૩ લોકોએ બીજો ડોઝ લીધો નથી, અરવલ્લી જિલ્લામાં ૮૯૯ લોકોએ બીજો ડોઝ લીધો નથી, આદિવાસી વિસ્તારમાં સૌથી વધુ તાપી જિલ્લામાં રસીકરણ થયું છે

## ગુજરાતમાં આગામી દિવસમાં ઠંડીમાં વધારો થશે તેવી હવામાન વિભાગે આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં ધીરે ધીરે હવે શિયાળો જમાવટ કરી રહ્યો છે. દિવસ દરમ્યાન હજુ પણ થોડી ગરમીનો અહેસાસ થાય છે. જોકે, વહેલી સવારે અને સાંજ પછી ઠંડા પવનો ફૂંકાવાના શરૂ થતા ઠંડીનો ચમકારો અનુભવાય છે. ત્યારે આગામી દિવસોમાં ઠંડી વધવાની શક્યતા છે એવી આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ખાસ કરીને લોકો ઠંડીથી બચવા ગરમ કપડાં પહેરવાની સાથો-સાથ કચરીયું, તલ અને સીંગની ચિક્કી, દેશી ગોળની બનાવટો, અડધિયાં પાક, મેથી પાક, વસાણા જેવી પરંપરાગત વાનગીઓ પણ શિયાળામાં ખાતા હોય છે. આ



વસ્તુઓનું સેવન કરવાથી શરીર ગરમ રહે છે અને ઠંડી સામે રક્ષણ મળે છે.

ગુજરાતમાં આગામી દિવસમાં ઠંડીમાં વધારો થશે તેવી હવામાન વિભાગે આગાહી કરી હતી. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી સમયમાં ગુજરાતમાં હૂંફાળા વાતાવરણનો આવશે અંત અને ઠંડીનો ચમકારો વધશે. એક દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો ઘટાડો થશે.

હવામાન વિભાગે આગાહી કરી હતી કે ૪૮ કલાક બાદ ઠંડીનું જોર વધશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હવે હૂંફાળા વાતાવરણનો અંત આવશે અને ઠંડીનો ચમકારો વધશે. હાલ તો ગુજરાતમાં સૂકું વાતાવરણ છે. અડધો ડિસેમ્બર મહિનો વિતી ગયો છતાં બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે.

હવામાન વિભાગે આગાહી કરી કે, ૪૮ કલાક બાદ તાપમાનનો પારો ૨ થી ૪ ડિગ્રી સુધી ઘટશે. આજે કચ્છનું નલિયા સૌથી ઠંડુંગાર રહ્યું છે. નલિયામાં ૧૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ તો ગાંધીનગરમાં ૧૪ અને અમદાવાદમાં ૧૬.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## સરકારી વિભાગો અને મંત્રાલયો દ્વારા રૂા.૩૪૮.૫૭ કરોડની ગેરરીતિ

નવીદિલ્હી,

કેગ દ્વારા કેન્દ્ર સરકારના ચાર મંત્રાલયો તેમજ અલગ-અલગ વિભાગો અને ચાર કેન્દ્રીય સાર્વજનિક ક્ષેત્રના ઉધમોના કુલ ૨૪ કેટલા કેસમાં રૂા.૩૪૮.૫૭ કરોડની ગેરરીતિ બહાર લાવવામાં આવી છે અને ભારે ચર્ચા જાગી પડી છે. સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે વિપક્ષ દ્વારા સરકાર પર આ મુદ્દા પર તડાપીટ બોલાવવામાં આવે તેવી શકયતા છે.

સંસદમાં આ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે વિદેશ મંત્રાલયે પેરિસ (૨૦૧૧), વોશિંગ્ટન (૨૦૧૩), ભારતીય સાંસ્કૃતિ કેન્દ્ર (આઈસીસી) સ્થાપિત કરવા માટે બે સંપત્તીઓની ખરીદી કરી હતી પરંતુ તેને સમયસર ઉપયોગ માટે પુનઃ નિર્મિત કરવામાં આવી ન હતી. એટલા માટે તેના પર કરવામાં આવેલ કુલ રૂા.૪૧.૯૩ કરોડનો ખર્ચ નિષ્ફળ રહ્યો છે.

એ જ રીતે ૩૦.૦૩ કરોડ રૂપિયાના ખર્ચથી ખરીદવામાં આવેલી આઈસીસી પેરિસની સંપત્તી જૂન-૨૦૨૨ સુધી બિન ઉપયોગી રહી હતી જેમાં એક સ્થાનિય સુરક્ષા એજન્સીને એક નિર્માણાધિન ઈમારત માટે ભાડાં પર આપવા માટે રૂા.૧૪.૮૯ કરોડનો ગેરકાયદેસર રીતે ખર્ચ કરવામાં આવ્યો હતો.

એ જ રીતે બિઝિંગ ખાતે આવેલ ભારતીય દૂતાવાસે ત્યાં દૂતાવાસ પરિસરના નિર્માણ માટે એક પેઢીને કામ સોંપ્યું હતું અને તેમાં પણ ગેરરીતિ આચરવામાં આવી હતી. ઓડિટમાં એવી હકિકત બહાર આવી છે કે, ભારતીય દૂતાવાસે ૮.૫૩ કરોડ રૂપિયાનું એવું ચૂકવણું કર્યું જેને બચાવી શકાતું હતું. વહીવટી સુધારામાં અને લોક ફરિયાદ વિભાગ એ સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ પાસેથી કાર્યાલયની જગ્યા ભાડેથી લીધી હતી જેને કામકાજ માટે ઉપયોગી બનાવવા માટે વ્યાપક નવીનીકરણ કાર્યની આવશ્યકતા હતી.

ડિસેમ્બર-૨૦૨૦થી આ જગ્યા ભાડેથી લેવામાં આવી હતી પરંતુ નવીનીકરણની પ્રક્રિયા ૨૦૨૧ના સપ્ટેમ્બરમાં શરૂ થઈ જેના પરિણામે ૯ મહિનાના ભાડાં માટે કુલ રૂા.૧૩.૨૬ કરોડનો બિન જરૂરી ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ, અલગ-અલગ સરકારી વિભાગો અને મંત્રાલયોના વિભાગો દ્વારા મોટી ગેરરીતિ આચરવામાં આવી હોવાની સ્ફોટક માહિતી કેગના રિપોર્ટમાં બહાર આવી છે અને સંસદમાં આ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે અને આજે આ મુદ્દા પર વિપક્ષ દ્વારા સરકાર પર તડાપીટ બોલાવવામાં આવે તેવી પણ સંભાવના છે.

## ગુજરાતના વડનગર શહેર અને સૂર્યમંદિરનો યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કર્યો

નવીદિલ્હી,

ભારત સરકારના પ્રવાસન મંત્રીએ ટ્વીટ કરીને માહિતી આપી હતી કે, યુનેસ્કો દ્વારા ગુજરાતના વડનગર શહેરનો અને સૂર્યમંદિરનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ કર્યો છે. યુનેસ્કો દ્વારા ભારતની વધુ ૩ સાઈટનો હેરીટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમા ત્રિપુરા રાજયની ઉનાકોટી સાઈટની સાથે મહેસાણા જિલ્લાની બે સાઈટોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જમા ઐતિહાસીક નગરી વડનગરનો એ સુપ્રસિદ્ધ મોઢેરાના સૂર્ય મંદિરનો તેમા સમાવેશ થયો છે. કર્કવૃત પર મોઢેરાના સૂર્ય મંદિર આવેલુ હોવાથી સૂર્યનું પહેલુ કિરણ સૂર્ય મંદિરમાં પ્રવેશ કર છે. શિલ્પ અને સ્થાપત્ય કળાનો બેનમુન છે. દર વર્ષે યોજાતી શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ એવા ઉત્તરાધ મહોત્સવના કારણે સૂર્ય મંદિરની ખ્યાતિ દેશ વિદેશમાં પ્રસરી છે. તેવી જ રીતે વડનગર શહેર સૌથી પુરાણ શહેર ગણાય છે. ૮ મી સદીમાં વડનગર શહેર બધાયુ હોવાનું માવવામાં આવે છે.

વડનગર શહેર એ તેની આજુબાજુના વિસ્તારમાં પુરાત્તત્વ વિભાગ દ્વારા ઉત્ખનન કરાતા પ્રાચીન બૌદ્ધ સ્તુપો મળી આવયા છે. તેથી વડનગર શરેહ બૌધ ધર્મના અનુયાયીઓ ઉપરાંત પ્રાચીન નગરનું સંશોધન કરતા ઈતિહાસકારો માટે વિષય બની ગયો છે. એક જ જિલ્લાની બે સાઈટોને વર્લ્ડ હેરીટેજમાં સ્થાન મળતા મહેસાણા જિલ્લા અને ગુજરાતનું ગૌરવ વધ્યુ છે. આ સાથે ગુજરાતમાં કુલ ૬ હેરિટેજ સાઈટ ૧. ચાંપાનેર, ૨. રાણકીવાવ, ૩. અમદાવાદ, ૪. ધોળાવીરા, ૫. સૂર્ય મંદિર, મોઢેરા, ૬. વડનગર થઈ ગયા છે.

## જાફરાબાદમાં મનરેગા યોજનામાં કૌભાંડનો રેલો ૩૬ ગામડાઓ સુધી પહોંચશે

અમરેલી,

અમરેલીના જાફરાબાદમાં મનરેગા યોજનામાં મસમોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. મનરેગા યોજનામાં લાભાર્થીના નામે ૩ કરોડ ૩૦ લાખથી વધુનું કૌભાંડ થયું હોવાનો ખુલાસો થયો છે. કૌભાંડ અંગે તાલુકા વિકાસ અધિકારીએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે કે આરોપીઓએ જાફરાબાદના ૩૬ ગામમાં લાભાર્થીના બદલે અન્યના નામે જોબકાર્ડ બનાવી બારોબાર પૈસા ઉપાડી લઈ કૌભાંડ આચર્યું. એટલું જ નહીં અન્ય વ્યક્તિના નામે બેંક એકાઉન્ટ ખોલી ખોટો રેકોર્ડ ઉભો કર્યો હતો અને ૩ કરોડથી વધુનું કૌભાંડ આચર્યું. ફરિયાદ બાદ શક્તિસિંહ જાડેજા, વિમલ સિંહ, જીજ્ઞેશ વડીયા સહિત ૪ આરોપી ફરાર થઈ ગયા છે.

પોલીસે ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. ૩૬ ગામડાના તલાટી અને સરપંચ સુધી પોલીસ તપાસ પહોંચશે. તપાસમાં હજુ મોટા માથાના નામો ખુલે તેવી શકયતા છે. મહત્વનુંછે કે, ભારત સરકારની મનરેગા યોજના અંતર્ગત જરૂરિયાત મુજબના કામ આધારીત જોબકાર્ડ ધારકોને કામગીરીની ફાળવણી કરવામાં આવતી હોય છે. આમ, મહાત્મા ગાંધીની ગ્રામસ્વરાજની સંકલ્પનાને સાકાર કરતી મનરેગા યોજના હેઠળ ગ્રામ્ય સ્તરે જ થઈ રહેલું રોજગાર-સર્જન શહેરી વિસ્તારમાં થતા શ્રમિકોના સ્થળાંતરને અટકાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ આ પ્રકારના કૌભાંડને કારણે સામાન્ય લોકોને ફટકો પડે છે.

## સીમા વિવાદ : 'મહારાષ્ટ્રને એક ઈંચ પણ જમીન નહીં અપાય', સરહદ વિવાદ વચ્ચે કર્ણાટક વિધાનસભામાંથી પ્રસ્તાવ પસાર થશે

બેંગ્લુરૂ,

મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે ચાલી રહેલ સીમા વિવાદનો બંધ અટકી શકે છે. કર્ણાટક વિધાનસભાના બંને ગૃહો મહારાષ્ટ્ર સાથેના સરહદ વિવાદ પર ઠરાવ પસાર કરવાના છે. જેમાં કર્ણાટકના સીએમએ કહ્યું કે સીમા વિવાદ મુદ્દે વિધાનસભાનું સ્ટેન્ડ સ્પષ્ટ છે. તે રાજ્યની એક ઈંચ જમીન પણ નહીં આપે. કર્ણાટકના સીએમ બસવરાજ બોમાઈએ વિધાનસભામાં સરહદ વિવાદ પર ચર્ચા દરમિયાન, પોતે રાજ્ય વિધાનસભાના બંને ગૃહોમાં સર્વસંમતિથી ઠરાવ પસાર કરવાનું સૂચન કર્યું હતું અને તેમના વલણનો પુનરોચ્ચાર કર્યો હતો.

ગૃહમાં વિપક્ષના નેતા સિદ્ધારમૈયા સહિત તમામ રાજકીય પક્ષોના સભ્યો આ પ્રસ્તાવ સાથે સંમત થયા હતા. ચર્ચાની શરૂઆત કરતા સિદ્ધારમૈયાએ કહ્યું કે કોઈ વિવાદનો કોઈ પ્રશ્ન જ નથી અને મહાજન કમિશનના રિપોર્ટ સાથે સીમાનો મુદ્દો પહેલાથી જ ઉકેલાઈ ગયો છે.

મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેએ આ વિવાદ પર કહ્યું હતું કે કર્ણાટકમાં તેઓ મહારાષ્ટ્રના મરાઠી ભાષી લોકોની સાથે મજબૂતીથી ઊભા રહેશે. તેમણે રાજકીય પક્ષોને અપીલ કરી હતી કે તેઓ એવું વર્તન ન કરે કે જેથી લોકોની ભાવનાઓને ઠેસ ન પહોંચે. બંને રાજ્યો વચ્ચે સરહદ વિવાદ એ સમયનો છે જ્યારે રાજ્યોની રચના થઈ હતી. બેલગામ જિલ્લો સમગ્ર વિવાદમાં કેન્દ્રસ્થાને છે કારણ કે મહારાષ્ટ્ર દાવો કરી રહ્યું છે કે ૧૯૬૦ના દાયકામાં રાજ્યોની ભાષા-આધારિત પુનર્ગઠન દરમિયાન આ મરાઠી બહુમતી ધરાવતો પ્રદેશ ખોટી રીતે કર્ણાટકને આપવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રનો દાવો છે કે સરહદ પરના ૮૬૫ ગામોને મહારાષ્ટ્રમાં ભેળવી દેવા જોઈએ, જ્યારે કર્ણાટકનો દાવો છે કે ૨૬૦ ગામડાઓમાં કન્નડ ભાષી વસ્તી છે.

### શહેરા નગરપાલિકા
### જાહેર નિવિદા
### ટેન્ડર નોટીસ નં.૦૯, વર્ષ ૨૦૨૨-૨૩

મુખ્ય અધિકારી, શહેરા નગરપાલિકા, જિ.પંચમહાલ દ્વારા ૧૫ માં નાણાપંચ યોજના બીજો હપ્તાની ટાઈડ ગ્રાન્ટ વર્ષ ૨૦૨૧-૨૨ હેઠળની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ રીપેરીંગ કરવાના કામો માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓન લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ અનુક્રમે રૂા.૧૬,૧૯,૫૬૬.૦૦ છે. તથા શહેરા નગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ માટે તાંત્રિક તજજ્ઞો (કન્સલટન્ટ એજન્સી) પાસેથી કન્સલટન્સીના ઓનલાઈન ભાવ તથા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનના કામે એજન્સીઓ પાસેથી ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર તા.૦૨/૦૧/૨૦૨૩ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોક્યુમેન્ટ તા.૦૫/૦૧/૨૦૨૩ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.


માહિતી/ગોધરા/૭૫૭/૨૦૨૨

શહેરા નગરપાલિકા

## ભારત જોડો યાત્રા : આજે મોદીજી બેરોજગારીની વાત કરતાં અચકાય છે : રાહુલ ગાંધી

ચંડીગઢ,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા આજે હરિયાણામાં પ્રવેશી છે. હરિયાણામાં ત્રણ દિવસની યાત્રા કર્યા બાદ ભારત જોડો યાત્રા ૨૪મીએ દિલ્હી પહોંચશે, જ્યાં ૯ દિવસનો વિરામ લેવામાં આવશે. આ સાથે જ હરિયાણાના નન્હુમાં સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે આ યાત્રા કોંગ્રેસની નથી પરંતુ બેરોજગારો, મજૂરો અને ખેડૂતોની છે. આ દરમિયાન કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે UPAની સરકાર સત્તામાં હતી ત્યારે ગેસ સિલિન્ડર ૪૦૦ રૂપિયામાં મળતો હતો અને આજે ૧૨૦૦ રૂપિયામાં મળે છે. પહેલા જ્યારે પણ પીએમ મોદી ક્યાંક જતા હતા ત્યારે મોંઘવારી વિશે વાત કરતા હતા. જ્યારે આજે તે આ અંગે બોલતા અચકાય છે. કોંગ્રેસ સાંસદે કહ્યું કે તમે સવારે જેવો મને ખુશ જોવો છો તેવો ખુશ હું સાંજે પણ જોવા મળીશ. તમને અમારા ચહેરા પર થાક દેખાશે નહીં કારણ કે અમે તમારા પ્રેમથી આગળ વધીએ છીએ મહેનતથી નહીં. તેમણે કહ્યું કે આ યાત્રાને કોઈ શક્તિ રોકી શકશે નહીં કારણ કે આ યાત્રા કોંગ્રેસની નથી પરંતુ દેશના



બેરોજગાર યુવાનો, મજૂરો, નાના દુકાનદારો અને ખેડૂતોની છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, આજકાલ કોંગ્રેસ, ભાજપ, સપા અને અન્ય પાર્ટીઓના નેતાઓ અને જનતા વચ્ચે અંતર છે. નેતાઓને લાગે છે કે જનતાને સાંભળવાની અને કલાકો સુધી ભાષણ આપવાની જરૂર નથી. અમે આ પ્રવાસમાં તેને બદલવાનો પ્રયાસ કર્યો છે. આ અંતર દૂર કરવાનો પ્રયાસ કર્યો. નફરતના બજારમાં આપણે પ્રેમની દુકાન ખોલી રહ્યા છીએ. કોંગ્રેસ સાંસદે કહ્યું કે યાત્રા દરમિયાન હજારો યુવાનો મારી પાસે આવ્યા હતા. કોઈ એન્જિનિયર બનવાની કોશિશ કરી રહ્યું છે, કોઈ ડૉક્ટર બનવા માંગતું હતું. જ્યારે હું પૂછું છું કે તમે શું કરો છો, તો તમે કહો છો, હું ઉબેર ચલાવું છું, હું મજૂરીકરું છું. આ કમનસીબ છે.

## ઓફિસરોનું કામ નૈતિકતાનું ઉલ્લંઘન નહીં-સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

એક કપલને પરેશાન કરવાના આરોપમાં સસ્પેન્ડ CISFને સુપ્રીમ કોર્ટે રાહત આપવાથી ઈન્કાર કરી દીધો છે. જસ્ટિસ સંજય ખન્ના અને જસ્ટિસ જેકે માહેશ્વરીની બેન્ચે કહ્યું, કોન્સ્ટેબલ કોઈ પોલીસ અધિકારી ન હતો. અને હોત તો પણ, પોલીસ અધિકારીઓને નૈતિકતાનું ઉલ્લંઘન કરવાની જરૂર નથી. બેન્ચે આગળ કહ્યું કે પોલીસ અધિકારીઓનું કામ માત્ર કાનૂન-વ્યવસ્થા જાળવી રાખવાનું છે. તેની સાથે બેન્ચે કોન્સ્ટેબલને નોકરી પર રાખવાનો હાઈકોર્ટના આદેશને કેન્સલ કરી દીધો. મામલો વર્ષ ૨૦૦૧ના ગુજરાતના વડોદરાનો છે, જેની સુનાવણી મંગળવારે સુપ્રીમ કોર્ટમાં થઈ રહી હતી.

જસ્ટિસ ખન્નાએ કહ્યું, આ મામલો ચોંકાવનારો છે. રાત્રીના એક કપલને નૈતિકતાના ઉલ્લંઘનના નામે પરેશાન કરવામાં આવ્યું. કોઈ યુવતી નથી ઈચ્છતી કે કોઈ રસ્તામાં રોકીને તેને અભદ્ર રીતે અંગત સવાલ-જવાબ કરે. આ ગેરવર્તણૂકનો મામલો છે.

તેમણે આગળ કહ્યું કે આરોપી એક અનુશાસિત ફોર્સ સાથે જોડાયેલ હતો, તેથી આવી ગેરવર્તણૂકને હલકામાં લેવામાં ન આવે. ગુજરાત હાઈકોર્ટ આ



મામલામાં ન્યાયિક સમીક્ષાનો કાયદો યોગ્ય રીતે લાગુ કરવામાં નિષ્ફળ રહી. એટલા માટે અમે તે આદેશ રદ કરીએ છીએ. કોન્સ્ટેબલ સંતોષ પાંડે ૨૦૦૧માં ગુજરાતના વડોદરામાં ગ્રીનબેલ્ટમાં તહેનાત હતા. ઘટનાની રાત્રે ૧ વાગ્યે એક વ્યક્તિ પોતાની મંગેતરની સાથે બાઈકથી ત્યાં પહોંચ્યો તો સંતોષે તેમને રોકી લીધા. વ્યક્તિએ જણાવ્યું કે છોકરી તેની મંગેતર છે અને બંને ગરબા જોવા ગયાં હતાં. તેમ છતાં સંતાષે તેમણે રોકી રાખ્યાં.

છેવટે તે વ્યક્તિએ પોતાની ઘડિયાળ આપી ત્યારે સંતોષે તેમને જવા દીધા. ત્યાર બાદ કપલે સંતોષની વિરુદ્ધમાં ફરિયાદ કરી. તપાસ બાદ સીઆઈએસએફએ તેને નેકરીમાંથી સસ્પેન્ડ કરી દીધો હતો, પરંતુ હાઈકોર્ટમાંથી તેને રાહત મળી ગઈ. સીઆઈએસએફએ હાઈકોર્ટના ફેંસલાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેને સુપ્રીમ કોર્ટે પલટાવી દીધો.

## ચીન સાથે અથડામણ બાદ સરકારનો મોટો નિર્ણય, તવાંગમાં ૨૩ નવા ટાવર લગાવાશે

નવીદિલ્હી,

ભૂતકાળમાં તવાંગ સેક્ટરમાં ચીની સૈનિકો સાથેની અથડામણ બાદ ભારત સરકારે મોટો નિર્ણય લીધો છે. LAC પર વધુ સારી કનેક્ટિવિટી માટે સરકાર ૨૩ નવા મોબાઈલ ટાવર લગાવવા જઈ રહી છે. તવાંગ જિલ્લાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, ૯ ડિસેમ્બરે યાંગત્સેમાં ભારત-ચીન સૈનિકોની અથડામણ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તવાંગના ડેપ્યુટી કમિશનર કેએન દામોએ જણાવ્યું હતું કે સરકારના નિર્ણય મુજબ બીએસએનએલ અને ભારતી એરટેલ તવાંગમાં કનેક્ટિવિટી સુધારવા માટે ૨૩ નવા મોબાઈલ ટાવર સ્થાપિત કરશે. અધિકારીઓએ જણાવ્યું કે, આ વિસ્તારમાં હાલના મોબાઈલ ટાવર જરૂરિયાત મુજબ સુવિધાઓ પૂરી પાડવા સક્ષમ નથી. જેના કારણે સંરક્ષણ દળોની સાથે સરહદી વિસ્તારોમાં રહેતા સામાન્ય નાગરિકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં સરકારે આ નિર્ણય લીધો છે. અગાઉ સરહદી વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક નહોતું, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને બમ-લા અને વાય-જંક્શન પર પણ ઈન્ટરનેટ સેવા અને મોબાઈલ કનેક્ટિવિટી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. જોકે, તેમાં સુધારાની જરૂર છે. અધિકારીઓએ જણાવ્યું કે, તવાંગ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૪૩ નવા ટાવરની માંગણી કરવામાં આવી હતી. જોકે ૨૩ નવા ટાવર લગાવવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. શિયાળામાં મોબાઈલ ટાવર લગાવવા એ એક પડકાર હશે કારણ કે પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

# સંતરામપુર જૈન સમાજ દ્વારા સમ્મેદ શિખરજી તિર્થને પર્યટન સ્થળ બનાવવાના વિરોધમાં મામલતદારને આવેદન

સંતરામપુર,

સંતરામપુરમાં જૈન સમાજ ધંધા રોજગાર બંધ પાડીને રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપ્યો. ઝારખંડ સરકાર દ્વારા જૈન સમાજનું તીર્થધામ પાસ પર્યટન સ્થળ બનાવવા માટેનું જાહેરાત કરેલી હતી, પરંતુ જૈન સમાજ દ્વારા આ સ્થળ ઉપર ગુજરાત ભરમાં અને સંતરામપુર માંથી પર્યટન સ્થળ ના બનાવવા માટે વિરોધ કરવામાં આવેલ હતો. સંતરામપુર જૈન સમાજ આજે ધંધા રોજગાર બંધ પાડીને જૈન મંદિર પાસે ભેગા થઈ કાળી પટ્ટી બાંધી વિરોધ પ્રદર્શન કરેલો હતો. જૈન મંદિર પાસેથી મોટા બજાર, અંબિકા લોજ, ટાવર રોડ, મામલતદાર કચેરી પાસે આવીને રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપેલું હતું. સમાજના સંયુકત તમામ વડીલો, બાળકો, મહિલાઓ તમામ આ રેલીમાં જોડાઈને વિરોધ કરીને આવેદનપત્ર આપેલું હતું. ત્યારબાદ સંતરામપુરના પ્રાંત કચેરી ખાતે પણ આવેદનપત્ર આપવામાં આવેલું હતું. સમાજના વડીલો વિનોદભાઈ ઘડિયા, લાલભાઈ ઘડિયા, હિમાંશુ ગાંધી, નિલેશભાઈ ગાંધી, યોગેશભાઈ ભુતા, મહાવીર જૈન તમામ ભેગા મળીને આજે આવેદનપત્ર આપવામાં આવેલું હતું. ત્યાર પછીએ સંતરામપુર પ્રાંત કચેરી પણ આવેદનપત્ર આપેલું હતું.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# ડાયટ સંતરામપુરના તાલીમાર્થીની ઈન્ટર્નશિપ કાર્યક્રમ યોજાયો

સંતરામપુર,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુરમાં તાલીમ મેળવી રહેલા ડી.એલ.એડના તાલીમાર્થીઓની ઈન્ટર્નશિપ બે ગૃપમાં યોજાઈ હતી. જેમાં ગૃપ-એ ઉંબેર પગાર કેન્દ્ર ખાતે તેમજ ગૃપ-બી રાણીજીની પાદેડી ખાતે યોજાઇ હતી. જેમાં તાલીમાર્થીઓ વર્ગખંડનો અનુભવ મેળવવા માટે પૂર્વ આયોજન કરી આ બંને પ્રાથમિક શાળામાં પહોંચ્યા હતા. પહેલા દિવસે જ તાલીમાર્થી ખૂબ ઉત્સાહિત હતા સાથે શાળાના બાળકોમાં પણ ખુબજ ઉમંગ જોવા મળ્યો હતો. તાલીમાર્થીઓ પોતાના દૈનિક આયોજન મુજબ પ્રાર્થના, ભજન, ધૂન સાથે અભિનય, બાળવાર્તા જેવી વિવિધ પ્રવૃતિઓથી અવગત કરવામાં આવ્યા હતા. તેઓ પોતાના પાથ આયોજન મુજબ વર્ગમાં જઈને બાળકો સાથે સંવાદ પરિચય મેળવીને બાળકોને અધ્યાપન કરવામાં આવ્યું. આ સાથે શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી, મતદાન પ્રક્રીયા, યોગાસન, રમત-ગમત તેમજ ડી.એલ.એડના તાલીમાર્થીઓ દ્વારા છેલ્લા દિવસે સાંકૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધા કાર્યક્રમનું આયોજન કરવા પાછળનો મુખ્ય હેતુ બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર આવે સાથે તાલીમાર્થીઓને આ બધી પ્રવૃત્તિઓ કરવાથી તેમનામાં અનુભવ, સાથે સાથે કઈક નવું કરવાંની જિજ્ઞાસા વધે એ હેતુથી શાળાઓમાં ઈન્ટર્નશિપ યોજવામાં આવે છે. આ ઈન્ટર્નશિપમાં મુખ્ય માર્ગદર્શક તરીકે ડાયટના સિનિયર લેક્ચરર ડો.હર્ષદ પટેલ સહિત તમામ લેક્ચરરઓ દ્વારા આપવામાં આવ્યું હતું.અને ઈન્ટર્નશિપ બાબતે તમામ તાલીમાર્થીઓને તૈયાર કરવામાં આવ્યા હતા અને આમ, કુલ ૧૨ દિવસની પ્રાથમિક શાળામાં સફળતા પૂર્વક ઈન્ટર્નશીપ પુરી કરી હતી.



# ગરબાડા તાલુકાના દાદુર ગામ ખાતે દાહોદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સંકલન બેઠકયોજી : આદર્શ ગ્રામ પંચાયતની મુલાકાત લીધી


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

તા. ૨૧ ડિસેમ્બરના રોજ ગરબાડા તાલુકાના દાદુર ગામ ખાતે આવેલ આદર્શ ગ્રામ પંચાયતની દાહોદ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી દ્વારા સંકલન બેઠકની સાથે આદર્શ ગ્રામ પંચાયતની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા દાદુર ગામ ખાતે આદર્શ ગ્રામ પંચાયતના પાયાના કામોની સમીક્ષા કરવામાં આવી હતી અને આગામી સમયમાં આયોજનમાં લેવાયેલા કામો પૂર્ણ કરવાની પણ સૂચના આપવામાં આવી હતી અને મંજુર થયેલા નવા કામોની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ગરબાડા મામલતદાર તાલુકા વિકાસ અધિકારી આરોગ્ય અધિકારી તેમજ ગ્રામ પંચાયતના સરપંચ અને તાલુકા કમમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા પાલિકાના નિવૃત પેન્શન કર્મચારીઓને ઓગસ્ટ-૨૦૨૨ બાદ પેન્શન નહિ ચુકવાતા ૨૮ ડિસેમ્બરની અચોક્કસ મુદ્દતની હડતાળ પર જવાની ચિમકી ઉચ્ચારી


ગોધરા,

ગોધરા નગર પાલિકાના નિવૃત્ત કર્મચારીઓને પેન્શનર્સના ઓગસ્ટ-૨૦૨૨માં પેન્શન ચુકવવામાં આવ્યા બાદ આજદિન સુધી રહેલ પેન્શનની ચુકવણી ન કરવામાં આવતાં ૨૮ ડિસેમ્બર થી પાલિકા કચેરી પાસે અચોક્કસ મુદ્દત માટે પ્રતિક ઉપવાસ ઉપર બેસવાની જીલ્લા કલેકટર, પાલિકા ચીફ ઓફિસરને લેખિત ચિમકી ઉચ્ચારવામાં આવી. ગોધરા નગર પાલિકાના નિવૃત્ત કર્મચારીઓને પેન્શનર્સોને ૨૦૨૨નું પેન્શન ચુકવેલ છે. ત્યારબાદ ચડેલ પેન્શનની ચુકવણી થયેલ નથી. તેમજ મોંઘવારી તફાવતની રકમનું ચુકવણું કરવામાં આવ્યું નથી. પેન્શનની ચુકવણી માટે નગર પાલિકા કચેરીના અધિકારીઓને લેખિત અને મૌખિક રજુઆત કરવામાં આવતાં ફંડ ન હોવાના બનાવી ફંડ ઉપલબ્ધ થશે. ત્યારે બાકીની પેન્શનની રકમનું ચુકવણું કરાશે. જેવા જવાબો આપવામાં આવે છે. પેન્શનર્સમાં મોટાભાગના ચોથા વર્ગના તથા વિધવાઓ છે. જે પેન્શનર્સ ઉપર નિર્ભર છે. તેઓની મોંઘવારીના સમયમાં દયનિય સ્થિતીમાં મુકાયા છે. પાલિકા દ્વારા ઓગસ્ટ-૨૦૨૨ બાદ પેન્શનની રકમ ચુકવણી કરવામાં નહિ આવતા નિવૃત પેન્શન દ્વારા ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ થી પાલિકા કચેરી પાસે અચોક્કસ સુધી માટે પ્રતિક ઉપવાસ ઉપર બેસવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે અને આ બાબતે જીલ્લા કલેકટર, પ્રાદેશિક કમિશ્નર નગર પાલિકાઓ, વડોદરા, પાલિકા ચીફ ઓફિસર, પાલિકા પ્રમુખ, જીલ્લા પોલીસવડાને લેખિત જાણ કરવામાં આવી.

# હવે પાપડ અને ભૂંગળા પર પણ ૧૮ ટકા જીએસટી આપવો પડશે

નવીદિલ્હી,

હવે પાપડ અને લારી પર મળતા શેકેલા ભૂંગળા ખાવાના શોખીનોએ પાપડ અને ભૂંગળા પર લગાવવામાં આવેલો ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડશે. તાજેતરમાં મળેલી ૪૮મી જીએસટી કાઉન્સિલમાં પાપડ અને ફ્રાંઈમ્સ પર ૧૮ ટકા જીએસટીનું ક્લિયરન્સ આપવામાં આવ્યું છે. ઓલ ઈન્ડિયા પાપડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશન દ્વારા સરકારના આ નિર્ણયનો વિરોધ કરતાં મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે. મળતી વિગત મુજબ હવે પાપડ અને ફ્રાંઈમ્સ ખરીદવા પર પણ ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડશે. જેને લઈને ઓલ ઈન્ડિયા પાપડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશન દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાણામંત્રી અને ગુજરાતના જીએસટી કમિશનર મિલિન્દ તોરવણેને પ્રેઝન્ટેશન આપીને રજૂઆત કરી છે. ગુજરાત વેટ ૨૦૦૭માં એડવાન્સ રૂલિંગ દ્વારા ઝીરો ટકા, ૨૦૧૧માં એડવાન્સ રૂલિંગ દ્વારા ઝીરો ટકા, ૨૦૧૫માં ગુજરાત ટ્યુબિનલ દ્વારા ઝીરો ટકા, ૨૦૧૬માં ગુજરાતની ટ્રીબ્યુનલ દ્વારા પણ જીરો ટકા આ પ્રોડક્ટને ગણવામાં આવ્યું હતું. ૨૦૧૭માં જીએસટી આવ્યા બાદ ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૧માં એપીલીએટ ઓથોરિટી દ્વારા જીરો ટકા કરવામાં આવ્યો. ૨૦૧૧માં એડવાન્સ રોલિગ ઓથોરિટી દ્વારા પણ પાપડ પર જીરો ટકા નક્કી કરવામાં આવ્યો હતો. પરંતુ ૪૮મી જીએસટી કાઉન્સિલમાં પાપડ પ્રોડક્ટને ૧૮ ટકા દરનું ક્લેરિફિકેશન આપવામાં આવ્યું હતું. જેને લઈને ઓલ ઈન્ડિયા પાપડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશન દ્વારા ગુજરાતના સી.એમને રજૂઆત કરી પાપડ પર જીએસટી ફરી જીરો કરવા માટે રજૂઆત કરી હતી.



# ફતેપુરા તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન સંપન્ન

દાહોદ,

દાહોદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ફતેપુરા તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો સુખસર ગામની કૃષિ શાળામાં ધારાસભ્ય રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.


ફતેપુરા તાલુકા કક્ષાનો ગણિત વિજ્ઞાન, પર્યાવરણ પ્રદર્શન સુખસર કૃષિ શાળામાં યોજાયો હતો. પૂર્વ દંડક અને ધારાસભ્ય રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. સતત ત્રીજી વખત ધારાસભ્ય તરીકે વિજેતા થયેલા રમેશભાઈ કટારા નું શિક્ષણ વિભાગ દ્વારા સન્માન કરાયું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારપછી મહેમાનો દ્વારા દીપપ્રાટગ્ય કરવામાં આવ્યું હતું. શાલ ઓઢાડી સ્વામિ વિવેકાનંદની પ્રતિમાથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન મેળામાં ૨૨૬ જેટલી પ્રાથમિક શાળાએ ભાગ લીધો હતો અને ૧૧૫ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે રહેવા-જમવાની વ્યવસ્થા શાળામાં જ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના આચાર્ય મુનીયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલભાઈ ડામોર, જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયાર, જિલ્લા પંચાયત સભ્ય અલ્પાબેન ભાભોર, તાલુકા સભ્ય ક્રિષ્ણાબેન કલાલ, મહીલા મોરચાના જલ્પાબેન આમલિયાર, પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખો, તાલુકા બ્લોક અધિકારી મુકેશ પટેલ, તાલુકા શિક્ષણ અધિકારી વણકર, સી.આર.સી ઓ મોટી સંખ્યામાં શિક્ષકો, અને બાળ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત કાર્યક્રમનું સંચાલન સી.આર.સી. સુરેશભાઈ પંચાલે કર્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશભાઈ કટારાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમજ રાજ્ય સરકાર દ્વારા શાળાઓ માટે વિકાસ કરવાંમાં આવ્યો છે. તેની માહિતી આપી હતી. તેમજ કેટલાક શિક્ષકો બાળકોને શિક્ષણમાં ધ્યાન આપતા નથી અને રાજકારણમાં રચ્યા પચ્યા રહે છે. જેથી શિક્ષણ પ્રત્યે ધ્યાન રાખવા અપીલ કરી હતી. બાળ વૈજ્ઞાનિકો તાલુકા માંથી જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ ભાગ લે અને તાલુકાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ : સંધ્યા સભા-સમરસતા દિન







**પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સમરસતા દિને પ્રમુખસ્વામી મહારાજના સમત્વદષ્ટિ યુક્ત સર્વજનહિતાય દિવ્ય જીવનને અંજલિ આપતાં આગેવાનો**

– ભેદભાવને દૂર કરવાના મૂળભૂત ઉપાયો કરીને પ્રમુખસ્વામી મહારાજે સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં અપૂર્વ યોગદાન આપ્યું હતું.

–અનેકવિધ સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક આગેવાનોએ સમતાના મેરૂ એવા પ્રમુખસ્વામી મહારાજને જન્મશતાબ્દીએ અર્પણ કરી શ્રદ્ધાંજલિ.

આજે સમરસતા દિનના ઉપક્રમે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વિશાળ ભક્તમેદનીથી છલકાતાં નારાયણ સભાગૃહમાં ભારતના અનેકવિધ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રના અગ્રણીઓ અને જાહેરજીવનના અનેક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમત્વમ યોગ ઉચ્યતે-ગીતાની આ ઉક્તિના મૂર્તિમંત સ્વરૂપ એવા પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્ય વિષયક વિશિષ્ટ પ્રસ્તુતિમાં આજે દર્શાવવામાં આવ્યું કે દેશ-વિદેશ, ગરીબ-અમીર, નાત-જાત, શિક્ષિત-અશિક્ષિતના ભેદ જોયા વગર પ્રમુખસ્વામી મહારાજે સૌ કોઈને અપનાવ્યા. બધામાં ભગવાન જોવાની દષ્ટિ પ્રમુખસ્વામી મહારાજની સમરસતાનું મુખ્ય કારણ હતું. તેમની આ દષ્ટિ સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે પ્રમુખ પરિબળ બની રહી.

ભગવાનના ધૂન, પ્રાર્થના અને કીર્તન સાથે સાંજે ૫.૧૫ વાગ્યે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પોતાના જીવનમાં શ્રીમદ્ ભગવદ્ગીતા કથિત સમત્વ યોગ જેમણે સિદ્ધ કરી લીધો હતો એવા પ્રમુખસ્વામી મહારાજને પ્રથમ ભક્તિસંગીત દ્વારા વિશિષ્ટ અંજલિ આપવામાં આવી હતી.

પ્રમુખ સ્વામી મહારાજના સમતાથી યુક્ત જીવનકાર્યને પૂ. આદર્શજીવન સ્વામીએ પ્રમુખ ચરિતમ પ્રવચનમાળા હેઠળ સમરસતાના શિખર પ્રમુખસ્વામી મહારાજ વિષયક વિશિષ્ટ પ્રવચન દ્વારા ઉજાગર કર્યું હતું.

પછાતોના પ્રેમછત્ર પ્રમુખસ્વામી મહારાજ વિષયક વિડિયો પ્રસ્તુતિ દ્વારા પ્રમુખસ્વામી મહારાજની સમત્વની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિનું દર્શન કરાવવામાં આવ્યું.

આજના કાર્યક્રમમાં વિશ્વભરમાંથી અનેકવિધ મહાનુભાવોએ સમત્વના શિખર એવા પ્રમુખસ્વામી મહારાજને વાક-પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

: પ્રાસંગિક વ્યક્તવ્યો :

૧. વિજય પાટિલ, પ્રમુખ, DY પાટિલ યુનિવર્સિટી, મુંબઈ
૨. સંવેગભાઈ લાલભાઈ, અતુલ લિમિટેડ.
૩. મિલિન્દ કાંબળે, IIM Chair, સંસ્થાપક પ્રમુખ, દલિત ઈંડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
૪. પૂજ્યપાદ વૈષ્ણવાચાર્ય શ્રી દ્વારકેશલાલજી,
૫. શ્રી મોહન ભાગવત, સરસંઘચાલક, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)

: પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વચન :

સંધ્યા સભામાં મહાનુભાવોના ઉદગારોના અંશો અન્ય ડોક્યુમેન્ટમાં સમાવિષ્ટ છે.

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આજે ૨૧ ડિસેમ્બરના રોજ યોજાયેલ કોન્ફરન્સમાં વક્તવ્યોના અંશો

વિષયઃ The Role of Saints in the Empowerment of Scheduled Castes

(અનુસૂચિત જાતિઓના ઉત્કર્ષમાં સંતોનું પ્રદાન)

આયોજકઃ ગુરૂ ઘાસીદાસ યુનિવર્સિટી, બિલાસપુર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને

BAPS સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ન્યુ દિલ્હી

: કોન્ફરન્સમાં મહાનુભાવોના ઉદગારોના અંશો :

: શ્રી હિમાંશુ પંડ્યા, ઉપ-કુલપતિ, સ્વાગત પ્રવચન :

BAPS જેવી સંસ્થા સાથે જ્યારે આપણે સમાનતા આણવાના પ્રયાસમાં સહભાગી થઈશું ત્યારે આપણે ખરા અર્થમાં વિશ્વગુરૂ બનવાની દિશામાં આગળ ધપી શકીશું.

શ્રી મિલિન્દ કાંબલે, સ્થાપક પ્રમુખ, દલિત ઈંડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

ડો. આંબેડકરે સમાનતા માટે પ્રયત્નો કર્યા. પ્રમુખસ્વામી મહારાજે પણ દલિત સમુદાયમાં વિચરણ કરીને સમાનતા માટે અને દલિતોના ઉદ્ધાર માટે કાર્ય કર્યું. સમાજના વંચિતોના સામાજિક અને આર્થિક ઉદ્ધાર માટે ઈઅડજ જેવી સંસ્થા પાસે માર્ગદર્શનની આશા છે. સર્વસમાવેશક સમાજની રચના એ આપણું લક્ષ્ય છે.

શ્રી આલોક કુમાર ચક્રવાલ, ઉપ કુલપતિ, ગુરૂ ઘાસીદાસ વિશ્વ વિદ્યાલય, બિલાસપુર.

સ્વામિનારાયણ સંપ્રદાય એ એક એવી સંસ્થા છે જે સામાજિક સંવાદિતા લાવી શકે કારણકે અહીં નાત જાતના કોઈ ભેદ વગર સર્વ પ્રત્યે સદ્ભાવથી વર્તન કરવામાં આવે છે.

: મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી, , BAPS :

સનાતન હિન્દુ ધર્મનો સાર એ છે કે પ્રત્યેક વ્યક્તિ જ્ઞાન, મુક્તિ અને આનંદનો અધિકારી છે. આ જ પ્રમુખસ્વામી મહારાજના સમગ્ર જજીવનનો સંદેશ પણ છે.

શ્રી સંજીવ ડાંગી, ઉપ પ્રમુખ, ઈંડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

જ્યારે પણ સમાનતાના ભાવનો લોપ થયો છે ત્યારે સમજે ઘર્ષણનો સામનો કરવો પડ્યો છે.

ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત સમાનતાના સંદેશને સમાજમાં વધુમાં વધુ પ્રસારિત કરવો જોઈએ.

: શ્રી તરૂણ વિજય, પૂર્વ સભ્ય, રાજ્યસભા :

પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત BAPS સંસ્થા સાચા અર્થમાં સમાનતા પ્રસ્થાપિત કરી શકશે.

શ્રી આર. એસ. સરજુ, પ્રમુખ – દલિત, આદિવાસી એન્ડ ટ્રાન્સલેશન સ્ટડીઝ

સમાજની સર્વતોમુખ પ્રગતિ થાય એ સંતોના જીવનનું લક્ષ્ય છે.

: શ્રી કલ્પેશ ભટ્ટ, પ્રોફેસર, યુનિવર્સિટી ઓફ મેરી વોશિંગટન :

સામાજિક સમાનતા લાવવા માટે આંતરિક દુર્ગુણો જેવાં કે અહંકાર, ભેદભાવ વગેરેને નિર્મૂળ કરવા પડશે. પ્રમુખસ્વામી મહારાજે આધ્યાત્મિક જાગૃતિ દ્વારા સર્વેમાં આત્મગૌરવ સીંચવાનું કાર્ય કર્યું.

: શ્રી ગુરૂપ્રકાશ પાસવાન, આસિસ્ટન્ટ પ્રોફેસર, પટના યુનિવર્સિટી :

આ સમગ્ર નગર એક અદભૂત આધ્યાત્મિક શક્તિનું સ્થાન છે. એકદમ સાહજિક રીતે આ સમગ્ર નગર સર્જન પામ્યું છે.

: શ્રી રમેશ ચંદેર, લેખક :

હું ધાર્મિક વ્યક્તિ નથી, હું ભગવાનમાં માનું છું, પણ જ્યારથી અહીં આવ્યો ત્યારથી મને ખરેખર પ્રતીતિ થઈ ગઈ છે કે ધર્મ અને સંતોનો સમાજ ઉત્થાનમાં ખૂબ મોટો ફાળો છે.

: બીઝાય સોનકર શાસ્ત્રી, પૂર્વ સભ્ય, લોકસભા :

મેં અહીં જોયું કે હજારો સ્વયંસેવકો કોઈ અહંકાર વગર સેવા કરી રહ્યા છે અને અન્ય વ્યક્તિમાં પરમાત્મા રહ્યા છે તેવી ભાવના સાથે સેવા કરી રહ્યા છે.

: પૂ. શ્રુતિપ્રકાશ સ્વામી, BAPS :

અહીં નગરમાં જે યજ્ઞો થઈ રહ્યા છે, તેમાં ચારેય વર્ણના લોકો ભાગ લઈ રહ્યા છે. ભગવાન સ્વામિનારાયણે સર્વને આત્મદષ્ટિ દઢ કરાવી અને સર્વેને બ્રહ્મવિદ્યાના અધિકારી ગણ્યા.

: પૂજ્ય મંગલનિધિ સ્વામી, BAPS :

સર્વને દિવ્ય ગણવાની દષ્ટિ વર્ચસ્વ સ્થાપવાની હોડમાંથી ઉગારી લે છે. ખરા સામર્થ્યનો ઉદ્ભવ આધ્યાત્મિક જ્ઞાનમાંથી આવે છે, નહીં કે ભૌતિક સત્તા પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાંથી.

: શ્રી કિશોર મકવાણા, લેખક અને પત્રકાર :

પ્રમુખ સ્વામી મહારાજને તેમની જન્મશતાબ્દીએ યથાર્થ અંજલિ એ જ છે કે, તેમના સંવાદિતા ભર્યા વિશ્વના નિર્માણના સંકલ્પને આપણે સાકાર કરીએ.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી છે અને તમને તમારા જીવનસાથી અને વ્યવસાયમાં ભાગીદારોનો સહયોગ મળશે. આજે સારા કાર્યોમાં તમારી રુચિ વધશે. જીવનસાથી સાથે મળીને તમે તેમના કામમાં મદદ થશો.

વૃષભ : આજનો દિવસ શુભ છે અને કોઈ કામમાં સફળતા મળવાથી તમે ખુશ થશો. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે. દિવસની શરૂઆતમાં પત્ની સાથે ચાલી રહેલા વિવાદનો અંત આવી શકે છે.

મિથુન : આજનો દિવસ તમારા માટે થોડો પરેશાનીવાળો હોઈ શકે છે અને કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથેની દલીલને કારણે આજે તમારો તણાવ વધી શકે છે. વેપારીઓમાં કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કર્ક : આજે ભાગ્ય તમને ટેકો આપશે અને કોઈ નવી ડીલથી અચાનક નાણાકીય લાભ મળશે. ઘરમાં પત્ની અથવા બાળકોના અચાનક બગડતા સ્વાસ્થ્યને કારણે થોડો તણાવ હોઈ શકે છે, પરંતુ ટૂંક સમયમાં બધું કાબૂમાં આવશે.

સિંહ : આજે તમારું મન અસ્વસ્થ રહેશે અને તમને કોઈ કામ કરવાનું મન થશે નહીં. આજે તમે કોઈ જૂની વાત વિશે વિચારીને અસ્વસ્થ થઈ શકો છો અને તમે મનમાં દુઃખી થશો.

કન્યા : આજનો દિવસ મુશ્કેલ રહેશે અને આસપાસનું વાતાવરણ પણ થોડું નકારાત્મક બની શકે છે. તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણને હળવું કરી શકશો. તમારા પ્રિયજનને મદદ કરવામાં થોડો ભાગદોડ થઈ શકે છે.

તુલા : આજે મહત્વાકાંક્ષી સ્વભાવવાળા લોકોને વિશેષ લાભ મળશે અને તેમની મનોકામના પૂર્ણ થશે. મુસાફરી પર જવું ફાયદાકારક રહેશે.

વૃશ્ચિક : આજે તમારા સ્વભાવને કારણે તમારો અડધો દિવસ અન્ય લોકોનું ભલું કરવામાં અને તેમના માટે ભાગદોડમાં પસાર થશે. સાંજે તમે તમારા અને તમારા પરિવાર માટે સમય આપવામાં સમર્થ હશો.

ધનુ : આજે મિશ્રિત પરિણામનો દિવસ બની શકે છે. આજે સમાજમાં તમારી છબી સુધરશે અને તમને કંઈક કરવા પ્રેરણા મળશે જે બીજાના હિત સાથે સંબંધિત હશે.

મકર : તમારા માટે આજનો દિવસ આનંદદાયક છે. વિદ્યાર્થીઓને આજે સફળતા મળશે અને બેરોજગાર લોકોને પણ આજથી ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે.

કુંભ : આજે તમને સારી સંપત્તિ મળી શકે છે અને ભાગ્ય પણ તમારો સાથ આપી શકે છે. સમાજમાં તમારી રાજ્ય-પ્રતિષ્ઠા વધશે અને તમે જે વિચાર્યું તે બધું થઈ રહ્યું છે તે જોઈને તમને આનંદ થશે.

મીન : આજે દરેક બાબતમાં જીવનસાથીનો સહયોગ મળશે. વેપારમાં તમે જે પણ પ્રયત્નો કરો છો તેમાં આજે તમને સફળતા મળશે. માન, પ્રતિષ્ઠા વધશે અને સાંજે તમે ભેટ મેળવી શકો છો અથવા તમે સારું ભોજન મેળવી શકો છો. કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જાય અથવા ચોરાઈ જાય તેવી સંભાવના છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સમ્મેદ શિખરજી તીર્થને પર્યટક સ્થળ બનાવવાના વિરોધમાં દાહોદ જૈન સમાજે મૌન રેલી યોજી આવેદન આપ્યું

દાહોદ,

ઝારખંડ સરકાર દ્વારા સમ્મેદ શિખરજી તિર્થને પર્યટક સ્થળ બનાવવાના નિર્ણય સાથે સમગ્ર જૈન સમાજમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. ત્યારે આજરોજ દાહોદ શહેરના જૈન સમાજ દ્વારા શહેરમાં મૌન રેલી કાઢવામાં આવી હતી અને એક આવેદનપત્ર દાહોદ જિલ્લા કલેકટરને આપવામાં આવ્યું હતું.

દાહોદ શહેરના જૈન સમાજ દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, અનાદિકાળથી જૈનોની આસ્થા અને શ્રદ્ધાનું તિર્થ એટલે તીર્થરાજ સમેદશિખરજી ને ઝારખંડ સરકાર દ્વારા અને વનવિભાગ દ્વારા પર્યટન સ્થળ બનાવવાના ર્નિણયનો સમસ્ત જૈન સમાજ દાહોદ દ્વારા વિરોધ કરવામાં આવે છે. જૈનોની આસ્થાનું સ્થાન સમ્મેદ શિખરજીની પવિત્રતા કાયમ રાખવા તેની સુરક્ષા, સાદગી, સ્વચ્છતા અને પવિત્ર તા માટે નીચે મુજબ સૂચનો કરવામાં આવ્યાં હતા. જેને પગલે દાહોદના સમસ્ત જૈન સમાજ દ્વારા શહેરમાં એક મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મૌન રેલીમાં જૈન સમાજની મહિલા સહિત પુરૂષો મોટી સંખ્યામાં જોડાયાં હતા. રેલી બાદ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.





સંજેલી ખાતે જૈન સમાજ દ્વારા સંપૂર્ણ ધંધા રોજગાર બંધ પાળી વિશાળ સંખ્યામાં મૌન રેલી યોજી હતી. બેનરો સાથે રેલી નગરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. સંજેલી મામલતદાર કચેરી પહોંચી મામલતદારને આવેદન પત્ર આપી જૈન સમાજે એવી માંગ કરી હતી કે સમ્મેદ શિખર ને પર્યટક સ્થળ તરીકે નહીં પરંતુ તીર્થસ્થળ તરીકે વિકસાવવામાં આવે જૈન સમાજનું પવિત્ર સ્થળ છે અને તેને પર્યટક સ્થળ તરીકે વિકસાવાયતો અસમાજિક પ્રવૃત્તિઓ આમ બની જાય જેથી પર્યટક સ્થળ ન બનાવવા જૈન સમાજ દ્વારા વિરોધ પ્રગટ કરી રજુઆત કરાઈ હતી.



ઝાલોદ નગરમાં સમસ્ત જૈન સમાજ દ્વારા મોટી સંખ્યામાં મૌન રેલી નીકળી હતી. નગરના મુખ્ય માર્ગો પર થઈ મામલતદાર કચેરી ઉપર આવેદનપત્ર આપવા પહોંચી હતી. ક્યાં સરકાર તરફથી જૈન ધર્મના પવિત્ર સ્થાન સંમતશિખરજી પાલીતાણા ગિરનારજી અને પર્યટક સ્થળ તરીકે જાહેર કરવાના વિરોધ મામલતદારને આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. સમગ્ર ભારત દેશમાં જૈન સમાજ દ્વારા ભારત બંધના એલાનમાં ઝાલોદ નગરના સમસ્ત જૈન સમાજ પણ રેલી નીકળી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સમાજના નાના-મોટા સૌ ભાઈ બહેનો આ વિશાલ રેલીમાં ઉપસ્થિત રહી જૈન ધર્મની એકતાનું પ્રદર્શન કર્યું હતું અને સરકારના આ નિર્ણય વિરોધમાં પોતાના દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. જૈન ધર્મની આસ્થામાં પવિત્ર સ્થાનોને પર્યટક સ્થળ તરીકે જાહેર કરી જૈન ધર્મની અસ્થાને ઠેસ પહોચાડી હતી. સરકારનાં નિર્ણય બદલે તે માટે ઝાલોદ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

# ઉત્તર પ્રદેશના સારંગપુર જિલ્લાની પરિવારથી વિખૂટી પડેલી યુવતીને ઘર સુધી પહોંચાડતું સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ

દાહોદ,

ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર અને બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ કાર્યરત છે. જેમાં અત્યાર સુધી ગુજરાત તથા અન્ય રાજ્યની બહેનો જે કોઈક કારણોસર પોતાની ઘરેથી વિખુટી પડી ગયેલ હોય કે ક્યારે પોતાની નબળી માનસિક સ્થિતિને કારણે ઘર પરિવારથી દૂર થઈ ગયેલ હોય તેવી બહેનોને ઘર સુધી પહોંચાડવામાં સખી વન સ્ટોપ સેન્ટર સફળ રહ્યા છે. જેમાં તા.૧૫/૧૨/૨૦૨૨ના રોજ અરજદાર દાહોદ રેલ્વે સ્ટેશન પર બિનવારસી હાલતમાં જોવા મળતા રેલ્વે કારચારીઓ દ્વારા અરજદારની સુરક્ષા, સલામતી જળવાઈ રહે તેમજ આશ્રય મળી રહે તે હેતુસર સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે ૧૮૧ દ્વારા મૂકવામાં આવેલ. અહી અરજદારને તાત્કાલિક આશ્રય આપેલ, પરંતુ અરજદાર ખૂબ ઘબરાયેલા હોય અને સતત રડતાં હતા જેથી હાજર કર્મચારીઓ દ્વારા તેમને સાત્વના આપી વિશ્વાસ અપાવેલ કે તેમને પરિવાર સુધી પહોંચાડી દેશે, તમે અહી શાંતિથી રહો અને અમને પણ સહકાર આપો. ત્યાર બાદ અરજદારને તાત્કાલિક આશ્રય આપી પ્રાથમિક સગવડો પુરી પાડી. પરંતુ અરજદાર ખૂબ ઘબરાયેલા હોવાથી સતત રડતા હતા અને બોલવાની તથા શાંભળવાની ક્ષતિ ધરાવતા હોવાને કારણે તે પોતાની સમસ્યા પણ જણાવી શકતા ન હતા.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

અરજદારે ઈશારાથી તેની પાસે રહેલ મોબાઈલમાં પરિવારના નંબર છે તેમ જણાવતા પરિવારમાં તેમના મોટા બહેન સાથે વાતચિત કરેલ. જેમણે જણાવેલ કે, તે મધ્યપ્રદેશ રાજ્યના, નરસીગપુર જિલ્લાના, ગાજરવાડા તાલુકાની વતની છે અને ઉત્તરપ્રદેશ રાજ્યના સારંગપુર જિલ્લાના ધીંઘોરી ગામ તેમની સાસરી છે. ત્યારબાદ અરજદારના બહેને આપેલી માહિતી તેમને ઈશારાથી જણાવેલ જેથી તે સ્વસ્થ થઈ ગયેલ પરંતુ તે ઘર પરિવારથી કેવી રીતે આમ બહાર આવી અને તેને પતિ તરફથી કોઈ હિંસા થઈ છે કે કેમ, તે જાણવું પણ જરૂરી હોય તેના માટે અહીથી મહિલા અને બાળ આધિકારીની કચેરી ખાતે દહેજ પ્રતિબંધક અને સહરક્ષણ અધિકારી પી. આર. પટેલ ની સલાહ લઈ સાઈન લેંગ્વેજ જાણનાર કાઉન્સેલરની મદદ લઈ અરજદારની સમસ્યા જાણવાનો પ્રયત્ન કરતાં તેમની વાતચિત દરમિયાન ખબર પડી કે તેને બે બાળકો છે. તેના પતિ ખૂબ સારા વ્યક્તિ છે. તેને પરિવારમાં ખૂબ પ્રેમથી રાખે છે. તેમની મીઠાઈની દુકાન છે. તેમના પતિ તમામ મીઠાઈઓ જાતે જ બનાવે છે. અને અરજદારને જ્યારે પણ પિતાના ઘરે જવું હોય ત્યારે તે જાતે ચુપીથી તેમના પિયરમાં મૂકવા આવે છે. તેમના તરફથી અરજદારને કોઈ ત્રાસ અપયો નથી.

ત્યારબાદ ફરીથી અરજદારે મોબાઈલ નંબર પર સંપર્ક કરેલ તેઓ અરજદારને ૨ દિવસમાં સખી વન સ્ટોપ સેન્ટર,દાહોદ ખાતે લેવા આવશે. જેથી તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ અરજદારના જીજાજી અને તેની નાની બહેન જે અરજદારની તમામ વાતો સમજી શકતી હતી. જે દાહોદ આવવા રવાના થયા અહી તા.૧૮/૧૨/૨૦૨૨ ના રોજ સવારે તેઓ દાહોદ સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આવેલ અને તેમની સાથે રૂબરૂ વાતચિત દરમિયાન તેમણે અરજદારની હકીકત જણાવતા કહેલ કે અરજદાર અગાઉ પણ આવી રીતે ઘરેથી બે થી ત્રણ વાર નીકળી ગયેલ અને એક વાર તો તે આમ જ ઘરેથી નીકળી ગઈ હતી. જે અમને ત્રણ વર્ષ બાદ મળી હતી. વધુમાં તેમણે જણાવેલ કે તે ત્રણ વર્ષ દરમિયાન તે ઉત્તરપ્રદેશના કોઈ આશ્રમમાં હતી અને આશ્રમમાંથી જ અરજદારને લગ્ન કરાવી આપ્યા હતા. લગ્ન બાદ તેના પતિએ તેનું આધાર કાર્ડ ફરી કાઢાવતા તેના દ્વારા એડ્રેસ મળેલ અને તેના પતિએ અરજદારને પરિવાર સાથે મેળાપ કરાવેલ. તેના પરિવારે પણ અરજદારને સલામત જોઈ ખુશી વ્યક્ત કરી તેમના પતિનો આભાર માનેલ. ત્યારબાદ તે અવાર–નવાર પિયરમાં આવતી. આવી જ રીતે તા.૧૩/૧૨/૨૦૨૨ના રોજ તેના પતિ અરજદારને પિયરમાં મૂકીને ગયેલ. જ્યાંથી અરજદાર ફરી સાસરીમાં જવાની જીદ કરતાં હતા, તેથી તેમની નાની બહેનએ એકલા જવાની ના પાડેલ પરંતુ તેણે બહેને નાસ્તો લેવા દુકાને મોકલી અને તેજ સમયે અરજદાર પોતે ઘરેથી ભાગી જઈ ટ્રેનમાં બેસી સાસરીમાં જવા નીકળેલ પરંતુ ભૂલી પડી ગયેલ હોવાના કારણે તે દાહોદ આવી પહોંચેલ.

ત્યારબાદ અહીથી મળેલ માહિતી દ્વારા પરિવારમાંથી આવેલ તેના બહેન અને જીજાજીના પુરાવાની ખાતરી કરી અરજદારને રાજીખુશીથી તેના પરિવાર સાથે વતન પરત મોકલાવેલ અને તેમના દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર દાહોદનો ખૂબ આભાર વ્યક્ત કરેલ અને બહેનો માટે થતી કામગીરી માટે શુભેચ્છા પણ પાઠવેલ.

# ફતેપુરાના સુખસર ગામે હડકાયા કુતરાનો આતંક, ૧૫ લોકોને કરડ્યું કૂતરૂ





તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરાના સુખસર ગામે હડકાયા કુતરા એ આતંક મચાવ્યો હતો અને ગામના ૧૫ જેટલા લોકોને કરડી ગયું હતું. જેમાં એક મહિલા સહીત ત્રણ બાળકોને કૂતરૂ કરડી જતા તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર સુખસર પંથકમાં હાહાકાર મચી ગયો હતો.

કુતરાએ કરડી જતાં ૧૫ લોકોને સારવાર માટે સુખસર સરકારી હોસ્પિટલવ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગામના લોકો લાકડીઓ લઈને આ કુતરાને શોધવા માટે ના પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ફતેપુરાના સુખસર ગામે સાંજના સમયે એક કુતરાને હડકવા ઉપડતા તેને ગામમાં દોડાદોડ કરી મૂકી હતી અને આ કુતરા એ એક વૃદ્ધ મહિલા અને ત્રણ જેટલાંબાળકોને કરડી ગયું હતું. પહેલા લોકોએ આ બાબતને સામાન્ય લીધી હતી પરંતુ આ કુતરૂં હડકાયું થયું હોવાનું જણાતા દોડધામ મચી હતી અને તમામ લોકોને સારવાર માટે સુખસર ના સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવને લઈ ગામના લોકો ભેગા મળી કુતરા ની શોધખોળ કરવામાં આવી રહી છે. સુખસર ગામમાં ભયનો માહોલ છવાયો હતો. મોડી રાત્રી સુધી ગામના લોકો આ કુતરાની શોધખોળ કરતા નજરે પડ્યા હતા. જયારે અન્ય લોકોને હડકાયું કૂતરૂ ન કરડે તે માટે સુખસર પંથકમાં કુતરાની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

# દાહોદમાં કેશવ સેવા સમિતિ નેશનલ મેડિકલ ઓર્ગેનાઈઝેશન દ્વારા નિઃશુલ્ક ચિકિત્સા શિબિરનું આયોજન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ નગરમાં કેશવ સેવા સમિતિ તથા નેશનલ મેડિકલ ઓર્ગેનાઈઝેશન ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય સ્વયંસેવક દવારા શહેરના ૫ જેટલા સ્થળો પર એક સાથે ૧૮ ડિસેમ્બર રવિવારના દિવસે નિઃશુલ્ક ચિકિત્સા શિબિર (મેડિકલ કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યુ હતું. આ શિબિર દાહોદના ૫ અલગ વિસ્તારો જેવા કે સિદ્ધરાજ જયસિંહ વસાહત (ભીલવાળા તળાવ ફળિયું) ગોદીરોડ, સિંગલ ફળિયું સુખદેવ કાકા કોલોની ગરખાયા ગૌશાળા વિસ્તારમાં આમ, ૫ સ્થળોના વધારે થી વધારે નગર વાસીઓ લાભ લઈ શકે એવું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નગરના ૧૩ જેટલા ડોકટર્સ પોતાની અને ૩૫ જેટલા મેડિકલ સ્ટુડન્ટસ પોતાની સ્વૈચ્છાએ સેવાઓ આપી કેમ્પમાં નિઃશુલ્ક બ્લડ પ્રેશર, બ્લડ સુગર, હૃદય રોગની તકલીફો, શરીરનું તાપમાન, ઓક્સિજન લેવલ તેમજ બાળકો મહિલાઓની બીમારીના તજજ્ઞો દ્વારા તપાસ કરવામાં આવી. બીમારીનું નિઃશુલ્ક ઈલાજ સલાહ સુચન તેમજ તાલુકા આરોગ્ય કેન્દ્ર દ્વારા ત્યાંજ કેમ્પમાં દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવી. તેમજ આરોગ્ય અધિકારીઓ દ્વારા હાલ ચાલતી બીમારીથી બચવા માટે જનજાગૃતી માર્ગદર્શન આપવામાં આવ્યું. કેમ્પમાં વિશેષ નિઃશુલ્ક મોતિયાની તપાસ કરી પછી એમનું ઓપરેશન પણ કરવામાં આવશે. કેમ્પની સંપૂર્ણ વ્યવસ્થામાં ૬૯ જેટલા કાર્યકર્તાઓ સેવા આપી સહયોગ પ્રદાન કરી કેમ્પ રવિવારે સવારે ૯ વાગે પ્રારંભ થયો ૧૨:૩૦વાગે પૂર્ણ થયો.

# આગામી ૨૫ તારીખે દાહોદ અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહેશે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ

દાહોદ,

આ મીટીંગનું સંચાલન દાહોદ જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્ર સોની દ્વારા કરવામાં આવ્યું હતું. મીટીંગનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ દાહોદ જિલ્લા પ્રમુખ શંકર અમલીયાર દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું કે, દાહોદ જિલ્લાની છ એ છ સીટ નો શ્રેય દાહોદ જિલ્લાના છેવાડા સુધીના તમામે તમામ કાર્યકર્તાઓની જીત છે. આ બેઠકનો મુખ્ય હેતુ આવનારી ૨૫ તારીખે દાહોદ જિલ્લામાં ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, ભાર્ગવભાઈ વિજય ઉત્સવમાં સામેલ થવા આવવાના હોય તે અંગેની ચર્ચા



તેમજ દાહોદ જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીની છ સીટ ઉપર થયેલા વિજય અંગે દાહોદ જિલ્લા મહામંત્રી નરેન્દ્ર સોની તેમજ સ્નેહલ ધરિયા, કનૈયા કિશોરીએ તથા જિલ્લા પ્રમુખ શંકર અમલિયારે માર્ગદર્શન આપ્યું હતું.

૨૫ ડિસેમ્બરના રોજ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે જે પણ બુથમાં સૌથી વધુ મતો ભારતીય જનતા પાર્ટી મળ્યા છે. એ બુથના કાર્યકર્તાઓને ગુજરાતના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સન્માનિત કરશે.

ત્યારબાદ વિજેતા ધારાસભ્યોને મીઠાઈ ખવડાવીને જીતની ખુશી વ્યક્ત કરી હતી તથા ૨૫ તારીખના કાર્યક્રમને લઈ આ બેઠકમાં જિલ્લા માંથી તમામ કાર્યકર્તા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તે માટે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં દાહોદ જિલ્લા પ્રમુખ શંકર અમલિયાર, મહામંત્રી નરેન્દ્ર સોની, મહામંત્રી સ્નેહલ ધરિયા તેમજ દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર, ફતેપુરાના ધારાસભ્ય રમેશ કટારા દાહોદ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના તમામ પાંખના હોદ્દેદારો તથા તાલુકા માંથી આવેલા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા વિદ્યાર્થી ગ્રાહક જાગૃતિ શિબિર યોજયું



દાહોદ,

ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા આદર્શ મા. અને ઉ.મા.શાળા દાહોદ મુકામે ‘‘વિદ્યાર્થી ગ્રાહક જાગૃતિ શિબિર’’ યોજવામાં આવી. તા.૨૦ ડીસેમ્બર નારોજ આદર્શ મા.અને ઉ.મા.શાળા દાહોદ મુકામે ‘‘ગ્રાહક જાગૃતિ સપ્તાહ’’ ઉપલક્ષમાં વિદ્યાર્થી ગ્રાહક જાગૃતિ શિબિર યોજવામાં આવી. જેમાં જય મારૂતિ નંદન કિસાન વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી ભરતભાઈ પંચાલ, આદર્શ માધ્યમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ, ગ્રાહક સુરક્ષા મંડળ તરફથી કમલેશભાઈ સુથાર તથા જીતેન્દ્રભાઈ પંચાલે વિદ્યાર્થીઓ સમક્ષ ગ્રાહક તરીકે ખરીદતી વખતે ધ્યાનમાં રાખવાની મહત્વની બાબતો, ઉચ્ચગુણવતા યુક્ત ખાદ્ય પદાર્થો ખરીદવાનો આગ્રહ કરેલ હતો. સાથે લોભામણી જાહેરાતો થી સાવચેતી રાખવી. ઓનલાઈન ફ્રોડના કિસ્સામાં જાગૃત થવા માહિતગાર કરવામાં આવ્યા હતા. આદર્શ શાળાના વિદ્યાર્થીઓએ મોટીસંખ્યા હાજરી આપી ગ્રાહક જાગૃત શિબિર સફળ બનાવી હતી.

# દાહોદ જીલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ મીટીંગમાં કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે શિક્ષણાધિકારીને રજુઆત

દાહોદ,

દાહોદ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા સમિતીની મીટીંગમાં થયેલ તમામ પ્રકારના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિકાલ માટે દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીને લેખિત રજુઆત કરી હતી.

દાહોદ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતી દ્વારા દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીને કરેલ લેખિત રજુઆતમાં જણાવ્યાં અનુસાર, જી.પી.એફ.ની સ્લીપો મળેલ નથી. સળંગ નોકરી કેમ્પનો આયોજન કરવું, પ્રવાસી પગારના બિલ કેમ્પ, કચેરીની પારદર્શિતા સામે પણ સવાલો ઉભા કરવામાં આવ્યાં હતાં. સી.પી.એફ. નંબર માટે ઘણા લાંબા સમયથી દરખાસ્ત મંગાવેલ હોવા છતાં હજુ સુધી સી.પી.એફ. નંબર ફાળવેલ નથી. દાહોદ જિલ્લામાં ૩૨૦ જેટલા કર્મચારીઓની નિમણુંક થયેલ છે. ત્યારે દાહોદ જિલ્લામાં સી.પી.એફ.ની ફાઈલો પેન્ડીંગ છે. હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યાં છે. ૩૦૦ રજા પગરા, ૧૦ ટકા જી.પી.એફ. સત્વરે ચુકવવા, ત્રણ વર્ષથી એકજ ટેબલ પર કામ કરતાં કલાર્કના ટેબલ ફેરફાર કરવા વિગેરે જેવા વિવિધ પડતર પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. ત્યારે પોતાના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ધરણા જેવા કાર્યક્રમો યોજી ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

# સંજેલી તાલુકામાં આવેલ ડોકી-નાના કાળિયા પ્રાથમિક શાળાના બાળકોએ ન્યાય મંદિર (કોર્ટ) ખાતે નર્સરીની મુલાકાત લીધી

સંજેલી,

સંજેલી તાલુકામાં નાના કાળિયા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૫ થી ૮ બાળકો અને શિક્ષકો ગામમાં આવેલ જૂની સ્કૂલમાં ૯:૪૫ કલાકે ઉપસ્થિત રહ્યા હતા અને ત્યાંથી સંજેલી તાલુકામાં આવેલ ન્યાય મંદિર ખાતે મુલાકાત કરવામાં આવી. ત્યાં કોર્ટનું કામ કાજ શરૂ થવાની તૈયારી હતી. ત્યારે અંદર પ્રવેશવાની મંજૂરી મળતાં જ બાળકો અને શિક્ષકો સારી રીતે બેસી શકે તે માટે ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. દશ મિનિટ રાહ જોયા બાદ જજ આવ્યા અને તેમની



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

કામગીરી શરૂ કરવામાં આવી હતી. ત્યાં વકીલો, કલાર્ક, પોલીસ તેમજ પ્યુંન પોતપોતાની કામગીરી બજાવતા હતા. ગુનેગારો તેમજ ફરિયાદો ત્યાં ઉપસ્થિત હતા તો ત્યાં વારાફરતી કેસો ચલાવતા હતા. અંદાજે ૧:૩૦ કલાક સુધી રોકાઈને ન્યાય મંદિર માં જે કાર્ય થાય છે તેની જાણકારી મેળવી હતી. જજ દ્વારા બાળકોને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યાંના વકીલ મિત્રો દ્વારા કોર્ટની મુખ્ય કામગીરી વિશેની જાણકારી આપી હતી. ત્યાંથી ઈટાડી ખાતે આવેલ નર્સરીની મુલાકાત લીધી હતી અને બાળકોને છોડવા જોયા હતા અને માહિતી મેળવી હતી અને ખરેખર બાળકો ખૂબ જ ખુશ દેખાતા હતા. આ મુલાકાતથી મજા પડી હતી અને નવીન જ્ઞાનનો અનુભવ થયો હતો.

# ધાનપુરના કુંદવાળાના બુટલેગરને પાસા હેઠળ જેલમાં ધકેલી દેવાયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં દારૂની પ્રવૃતિને ડામવા દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેથળ જિલ્લા પોલીસની કામગીરી દરમ્યાન દાહોદ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડેલ એક એક બુટલેગરને પોલીસ અધિક્ષકની વોરંટની બજવણીથી બુટલેગરને પાસા હેઠળ ધકેલી દઈ પોરબંદર જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લામાં આગામી ૩૧મી ડિસેમ્બરને લઈ દાહોદ જિલ્લામાં બુટલેગરો તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વો પર લગામ કસવા દાહોદ જિલ્લા પોલીસે કમરકસી છે ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસે બુટલેગર તુષારભાઈ મગનભાઈ સુવાણ (રહે. કુંદવાળા, તા.ધાનપુર, જિ.દાહોદ)ને ઝડપી પાડ્યો હતો. આ બુટલેગરનરના દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા બુટલેગર વિરૂદ્ધ પાસા પ્રપોઝલ ગ્રાહ્ય રાખી પાસા હેઠળ અટકાયતનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું અને આ બુટલેગરના વોરંટ બજવણી કરી ઉપરોક્ત બુટલેગરને પાસા હેઠળ ધકેલી દઈ પોરબંદર જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવતાં દાહોદ જિલ્લાના બુટેલગર આલમ સહિત વિદેશી દારૂનો ધંધો કરતાં ઈસમોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.103

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરાના મીરાપુર ગામે જમીન બાબતે

# યુવકની હત્યાના કેસમાં સેશન્સ કોર્ટે આખા પરિવારને આજીવન કેદની સજા ફટકારી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના મીરાપુર ગામ નજીક હાઈવે માર્ગ ઉપર જમીન બાબતે નસીકપુર ગામના યુવકની કરાયેલી હત્યાના મામલે પંચમહાલ જિલ્લા સેશન્સ કોર્ટ દ્વારા હુમલો કરનાર આખા પરિવારને આજીવન કેદની સજા ફટકારી હતી. વર્ષ ૨૦૨૦માં શહેરા પોલીસ મથકે બે મહિલા સહિત પાંચ વ્યક્તિઓ સામે નોંધાયેલા હત્યાના ગુન્હામાં ઝડપી નિર્ણય લઈ સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચૂકાદો આપ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર પંચમહાલ જિલ્લાના શહેરા-ગોધરા હાઈવે માર્ગ ઉપર આવેલ મીરાપુર ગામ નજીક હાઈવે માર્ગને અડીને આવેલ જમીન જીતુભાઈ રાવળ નામના વ્યક્તિ પાસેથી ગોધરા તાલુકાના નસીકપુર ગામના ભરતભાઈ ચારણે ખરીદી હતી. જે જમીન જોવા માટે તા.૦૫/૦૬/૨૦૨૨ ના રોજ મીરાપુર ગામ પાસે આવેલ હાઈવે ઉપર ગોધરા તાલુકાના નસીકપુર ગામના સામંતભાઈ નાનાભાઈ ચારણ અને તેમનો ભાણિયો ભરતભાઈ ગઢવી ગયા હતા. તે સમય દરમિયાન મીરાપુર ગામના દલપત ઉર્ફે ભલાભાઈ બામણીયાનો દીકરો ધર્મેન્દ્ર તેમજ જમાઈ હરીશ અને દલપત બામણીયા તેમની બંને પત્નીઓ નામે લીલા ઉર્ફે અનસૂયા તેમજ લીલાબેન સાથે સ્થળ પર આવીને માં-બહેન સમાણી ગાળો બોલી તમો અમારી જમીન પર કેમ આવ્યા છો તેમ કહેતા ભરત ચારણે આ જમીન જીતુભાઈ રાવળને તમોએ વેચાણ આપેલ અને જીતુભાઈ પાસેથી અમોએ લીધેલ છે. તેવી વાતો કરતા ભલાભાઈ તેમજ તેમના પરિવારના સભ્યોએ ઉશ્કેરાટમાં આવી. આ જમીન અમોએ કોઈને વેચાણ આપેલ નથી. અહીંથી જતા રહો નહીં તો જીવતા જવા દઈશું નહીં તેમ કહીને બોલાચાલી કરી ભલાભાઈ બામણીયાની બંને પત્નીઓ તેમજ જમાઈ સહીતના સભ્યોએ ભરતભાઈ અને સામંતભાઈ સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. ત્યારબાદ આરોપી ભલાભાઈએ પોતાની સ્કોર્પિયો ગાડીમાંથી ધારીયું લઈ આવી સામંતભાઈને ધારીયું મારતા તેઓને ખભા તેમજ પગના ભાગે ઈજા પહોંચી હતી. ત્યારે સામંતભાઈને બચાવવા તેમનો ભાણીયો ભરત ચારણ જતા ભરતના માથાના ભાગે ધારીયું વાગતા તે ત્યાં જ ઢળી પડ્યો અને ભલા બામણીયાએ ઉપરાછાપરી ઘા મારી લોહીથી લથપથ પડેલા ભરતભાઈ ચારણની ઘાતકી હત્યા કરી નાખી હતી, જ્યારે ભલા બામણીયા અને તેના પરિવાર દ્વારા કરવામાં આવેલા હુમલામાં સામતભાઈને સામાન્ય ઈજા થઈ જ્યારે તેમના ભાણા ભરતનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ત્યારે આ સમગ્ર બાબતે દલપત ઉર્ફે ભલાભાઈ બામણીયા સહિત તેમના પરિવારના પાંચ વ્યક્તિઓ સામે શહેરા પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો,જેમાં છેલ્લા ઘણા સમયથી ભલાભાઈ તેમજ તેમની બંને સહિત પરિવારના સભ્યો સબજેલમાં બંધ હતા. ત્યારે આ કેસ પંચમહાલ જિલ્લા સેશન્સ કોર્ટના જજ સમક્ષ ચાલી જતા સરકારી વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટ દ્વારા હત્યાના ગુન્હામાં આરોપી દલપત ઉર્ફે ભલાભાઈ વેચાતભાઈ બામણીયા તેમજ પુત્ર ધર્મેન્દ્ર અને હરીશ સહિત તેમની બંને પત્નીઓ એમ આખા પરિવારને આજીવન કારાવાસની સખત કેદની સજા ફટકારી ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. ત્યારે પંચમહાલ જિલ્લામાં પ્રથમ વખત આખા પરિવારને આજીવન કેદની સજાનો પ્રથમ કિસ્સો સામે આવ્યો હોવાની સાથે સેશન્સ કોર્ટ દ્વારા હત્યાના કેસમાં ઝડપી નિર્ણય લેવામાં આવ્યો છે.

# ગોધરા તાલુકાના વાલૈયા વિસ્તારમાં સિંચાઈ મંડળીની અણઘડ વહિવટને લઈ ખેડુતોના ઉભા પાકમાં પાણી પ્રવેશતા પાકને નુકશાન





તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

## પાનમ સિંચાઈના પાણીના આડેધડ બગાડના કારણે ખેડૂતોને લાખોનું નુકશાન

નદીસર, ગોધરા તાલુકાના વાલૈયા વિસ્તારના આલુ ફળિયા વિસ્તારમાં સિંચાઈ મંડળીના અણઘડ વહીવટના કારણે પાનમ સિંચાઈનું પાણી આડેધડ ખેડૂતોના ખેતરોમાં પ્રવેશી જતા ખેડૂતોના ઊભા પાકમાં લાખો રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે.

આ અંગે મળતી વિગતો અનુસાર એક તરફ ખેડૂતો સિંચાઈના પાણી માટે વલખાં મારે છે, ત્યારે તેનાથી વિપરીત ગોધરા તાલુકાના વાલૈયા ગામના પેટા ફળિયા આલુ ફળિયા વિસ્તારમાં સ્થાનિક સિંચાઈ મંડળીના અણઘડ વહીવટના કારણે રોજ રાત્રીના સમયે પાનમ કેનાલનું પાણી મોટી માત્રામાં ખેડૂતોના ઊભા પાકમાં ઘુસી જાય છે. તેના કારણે ખેડૂતોને પાક કહોવાઈ જતા પારાવાર નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ સતત ચાર-પાંચ વર્ષ થી મોટા પાયે આણંદ ગોધરા રેલવે ટ્રેકને અડકીને આવેલી જમીનોમાં આ પ્રશ્ન ગંભીર બન્યો છે. હજારો ક્યુસેક પાણી બિનજરૂરી રેલવે ટ્રેકની બાજુમાં આવેલી ગટરો રહી વહી જાય છે કે જે પાણી ખેડૂતોને ફાયદો કરવાને બદલે માત્રને માત્ર નુકશાન કરે છે. મોટા પાયે ખેતરોમાં પાણી ભરાવાના કારણે દર વર્ષે એરંડા, મકાઈ, ઘઉં, હળદર જેવા પાકો કહોવાઈને નિષ્ફળ જાય છે. આ અંગે સ્થાનિક સિંચાઈ મંડળી જો વ્યવસ્થિત આયોજન કરે અને આ પાણીના નિકાલ માટે મોટી ગટર બનાવે તો નિકાલ થાય તેમ છે. હાલ ત્યાં પાણીના નિકાલ માટે જે ગટર બનાવી છે. તે પણ એકલ દોકલ ખેડૂતો એ બનાવી છે, પણ પાણી તે ગટર કરતા પણ વધુ આવતું હોય ખેતરોમાં ભારે માત્રામાં પ્રવેશી જાય છે. આ અંગે સિંચાઈ મંડળીના સૂત્રોનો સંપર્ક કરતા તેવો એ જણાવ્યું હતું કે, રાત્રે ખેડૂતો દ્વારા આડેધડ પાણી લેવાના કારણે આ પ્રશ્ન ઊભો થાય છે. તેમજ આગળના ગામોની સિંચાઈ મંડળીઓ દ્વારા પણ કાળજી રાખવામાં આવતી નથી. ત્યારે નિયમ મુજબ ખેડૂતોને આયોજન પૂર્વક અને નુકશાન ન થાય તે રીતે પાણી આપવાની જવાબદારી સ્થાનિક સિંચાઈ મંડળીની હોય છે. ત્યારે સ્થાનિક સિંચાઈ મંડળીના કર્તાહર્તાઓ દ્વારા ઉડાઉ જવાબ આપવા આવતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો છે અને સદર નુકશાન બાબતે ઉચ્ચ સ્તરે રજુઆત કરી વળતર અંગે માંગ કરવામાં આવનાર હોવાનું ખેડૂતો એ જણાવ્યું હતું.

## પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ઉત્તરાયણમાં

# પતંગ દોરીના વ્યવસાહિકો પ્રાણઘાતક પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું વેચાણ કરે તે પહેલા તંત્ર સજ્જ થાય તો આવી દોરીથી નિર્દોષ લોકોનો ભોગ બનતા અટકે

ગોધરા, રાજ્ય સરકાર દ્વારા પ્રાણઘાતક ચાઈનીઝ દોરીના ઉપયોગ ઉપર પ્રતિબંધ કરવામાં આવ્યો છે. તેમ છતાં ઉત્તરાયણના પર્વમાં ચાઈનીઝ દોરીનો ધૂમ ઉપયોગ અને વેચાણ થતું જોવા મળે છે અને પ્રતિબંધીત ચાઈનીઝ દોરીને લઈ કેટલાય લોકોને જીવ ગુમાવવાનો વખત આવતો હોય છે. ત્યારે ઉત્તરાયણ પર્વને ટુંકા દિવસે બાકી છે. ત્યારે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ અને ઉપયોગ પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ન થાય તે માટે વહીવટી તંત્ર અને પોલીસ અત્યારથી તેની ચુસ્ત અમલવારી કરાવે તે જરૂરી છે.

ઉત્તરાયણના પર્વના ટુંકા દિવસો બાકી રહ્યા છે. ત્યારે પતંગ દોરીનો ધંધો કરતાં વેપારીઓ પોતાના પતંગ દોરીના વ્યવસાહ માટે સજ્જ બન્યા છે. ઉત્તરાયણના આનંદ ઉત્સવના પર્વમાં પ્રાણઘાતક ચાઈનીઝ દોરી અનેક લોકો માટે જીવલેણ સાબિત થતી હોય છે. હજી ઉત્તરાયણ પર્વને વાર છે. તેમ છતાં રાજ્યમાં સુરત અને ભરૂચ શહેરમાં પ્રાણઘાતક પ્રતિબંધિત દોરીના લઈ બે લોકોને જાન ગુમાવ્યા છે. પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં વહિવટી તંત્ર દ્વારા ચાઈનીઝ દોરી પ્રતિબંધિત હોવાનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવતું હોય છે. જાહેરનામું પ્રસિદ્ધ થાય તે પહેલા પતંગ દોરીનો વ્યવહાર કરતાં ધંધાદારીઓ વધારે નાણા કમાવવાની લાલચમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરી દેવામાં આવતું હોય છે અને ઉત્તરાયણના દિવસો દરમિયાન પણ જીલ્લા સહિત ગોધરામાં અનેક વેપારીઓ ચોરી છુપી રીતે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા હોય છે. ચાઈનીઝ દોરી માત્ર માનવી નહિ પરંતુ પશુ-પક્ષીઓ પણ ભોગ બનતા હોય છે. દર વર્ષે સરકાર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ પ્રતિબંધીત હોવાનું જાહેરનામું બહાર પાડવા છતાં કમાણીની લ્હાયમાં વેપારીઓ ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા હોય છે. જેને લઈ ઉત્તરાયણના પર્વ શરૂ થાય ત્યારથી ઉત્તરાયણ પર્વ પુરો થાય ત્યાં સુધી અનેક લોકોને ચાઈનીઝ દોરીના કારણે જીવ ગુમાવવાનો વારો આવે છે. ત્યારે ઉત્તરાયણ પર્વને ૨૫ દિવસનો સમયગાળો બાકી છે. ત્યારે તે પહેલા પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં પતંગ દોરીના વ્યવહાર કરતાં વેપારીઓને ધંધા સ્થળો અને ગોડાઉન ઉપર પોલીસ દ્વારા ચેકીંગ કરીને ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં ધંધાદારીઓ ઉપર કાયદેસર પગલાં ભરવામાં આવે જેથી આવી પ્રાણઘાતક દોરીનો ભોગ બની નિર્દોષ લોકો ભોગ બનતા અટકી શકે છે.

# ખેડૂતની આડચને કારણે ગોઠ બેસણા ફળિયાનો રોડ અધૂરો : ૧૬૨ મીટરનો રસ્તો પૂર્ણ કરવા ગ્રામજનોની માંગ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ગોઠ બેસણા ફળિયાનો રોડ એક ખેડૂતની દરમ્યાનગીરીને કારણે ૧૬૨ મીટરનો રસ્તો અધૂરો રહી જવા પામ્યો છે. વર્ષો થી ચાલતા ખેતરની સીમા વિવાદના કારણે આ રસ્તો સળંગ બની શકયો નથી. આ વિવાદને ટાળવા માટે ગ્રામજનો તથા આજુબાજુના ખેતર માલિકો એ જમીનનું સરવૈયું પણ કાઢવામાં આવ્યું છે. જેમાં રોડ અટકાવાની મુખ્ય ભૂમિકા ભજવતા અજીજ બલોચ નામના ખેડૂતને આ જમીનનું વળતર પણ સરકાર દ્વારા ચૂકવી દીધેલ છે, તેમજ આ જમીન સરવૈયું કડાવતા આ જમીન ખેડૂતની માલિકીમાં આવતી નથી, છતાં પણ વિકાસના કામમાં રોડા નાંખી આ રસ્તો બનવા દેતા નથી. આજ રોજ આ રસ્તો બનાવવા માટે માર્ગમકાન વિભાગની ગાડીઓ માલ સામાન સાથે આ રોડ ઉપર પહોંચી હતી. ત્યારે વિવાદિત ગણાતો ૧૬૨ મીટરના રસ્તા ઉપર તંત્રએ કોઈ કામ ગીરી હાથ ન ધરતા ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને ગ્રામજનોએ આ રસ્તાનું કામ અટકાવી દીધું હતું અને પ્રથમ ૧૬૨ મીટરના રસ્તા કામ ચાલુ કરી ત્યાર બાદ જ આખા રસ્તાનું કામ કરવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરી હતી. ઘોઘંબા થી બેસણા ફળિયા સુધી ૧૬૨ મીટરના રસ્તા સિવાય બીજુ કામ પણ અટકાવવામાં આવ્યું છે. સોનાની થાળીમાં લોઢાની મેખ જેવો આ ૧૬૨ મીટર નો અધૂરો રસ્તો ચોમાસામાં અનેક સમસ્યાઓ સર્જન કરે છે. કાદવ-કીચડના કારણે ગ્રામજનો થી વાહન લઈને નિકાળતું નથી. જેને લઈ ૧૦૮ જેવી ઈમરજન્સી સેવાઓથી પણ ગ્રામજનો વંચિત રહી જાય છે. તેમજ શાળાએ આવતા જતા બાળકોને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ખેતર માલિકના સીમમાં આ રસ્તો ન આવતો હોવા છતાં પણ ખેડૂતની આડોડાઈનો ભોગ ગ્રામજનો બની રહ્યા છે. ૧૬૨ મીટર રોડની જમીન PWDને સંપાદન કરી હોવા છતાં પણ સરકારી તંત્ર આ રસ્તા ઉપર રોડ બનાવવા માટે પાછી પાની કરી રહ્યું છે. ગ્રામજનો દ્વારા આ વિવાદિત જગ્યા ઉપર રસ્તાનું કામ વહેલી તકે કરવામાં આવે તેવી માંગ ગ્રામજનો કરી રહ્યાં છે.

# પંચમહાલ છોટા ઉદેપુરના સરહદી ગામ ભીખાપુરા ખાતે બસમાં પતિએ જાહેરમાં તેનીજ પત્નીની ચપ્પુના ઘા ઝીંકી કરી હત્યા



છોટાઉદેપુર, હત્યારો પહેલાંથી જ બસની રાહમાં હતો પાવી જેતપુરમાં કંડા ગામની મંગીબેન રાઠવા બસ-કંડક્ટર તરીકે નોકરી કરતાં હતા. તેમનો પતિ અમૃત રાઠવા પોલીસમાં સુરત ખાતે નોકરી કરે છે. એ દરમિયાન મૃતક મંગીબેન પાવી જેતપુરથી ભીખાપુરા જતી બસમાં કંડક્ટર તરીકે ફરજ પર હતા. ત્યારે બપોરના સમયે બસ ભીખાપુરા ખાતે પહોંચી હતી. એ દરમિયાન ચોકડી પર પહેલાંથી જ હત્યા કરવાના ઈરાદે પહોંચેલા પતિએ બસના પેસેન્જર ઊતરી જતાં ચપ્પા સાથે દોડીને બસમાં ચઢી ગયો હતો. મૃતક મહિલા કાંઈ વિચારે અને બોલે એ પહેલાં જ પોતાની પત્નીને ચપ્પુના ઉપરાછાપરી ગળા, પગ, પેટના ભાગે અને ડાબા હાથની નસ કાપી નાખીને કરપીણ હત્યા કરી હતી. એ બાદ હત્યારો પતિ ત્યાંથી ભાગવા જતાં હાજર લોકોએ તેને ઝડપી પાડીને કદવાલ પોલીસને જાણ કરી હતી.

પંચમહાલ છોટા ઉદેપુરના સરહદી ગામ ભીખાપુરા ખાતે રુંવાડાં ઊભાં કરી દેતી ઘટના સામે આવી છે. જેમાં મહિલાને તેના જ પતિએ ભરબપોરે જાહેરમાં ચપ્પાના ઉપરાછાપરી ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી હતી. મૃતક મહિલા બસ-કંડક્ટર તરીકે નોકરી કરતી હતી અને તે પાવી જેતપુરથી ભીખાપુરા રૂટની બસમાં ફરજ બજાવતી હતી. એ દરમિયાન સુરત પોલીસમાં ફરજ બજાવતો તેનો પતિ હત્યાની તૈયારી સાથે ભીખાપુર આવી પહોંચ્યો હતો. ત્યારે બસ ભીખાપુર પહોંચતાં જ તે દોટ મૂકી બસમાં ચઢ્યો અને પત્ની કાંઈ વિચારે એ પહેલાં જ તેના પર ચપ્પાના ઘા મારવા લાગ્યો હતો. જેમાં મહિલાને ગળાના ભાગે, પગમાં, પેટમાં તેમજ હાથની નસ કાપી નાખતાં બસમાં જ મહિલાનું કરૂણ મોત નીપજ્યું હતું. હત્યાને અંજામ આપ્યા બાદ હત્યારો પતિ ભાગવા જતાં લોકોએ પકડી પાડ્યો હતો. એ બાદ કદવાલ પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે પહોંચી હત્યારાને ઝડપી પાડ્યો હતો. તેમજ મૃતદેહને પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

હત્યારો પહેલાંથી જ બસની રાહમાં હતો. પાવી જેતપુરમાં કંડા ગામની મંગીબેન રાઠવા બસ-કંડક્ટર તરીકે નોકરી કરતાં હતાં. તેમનો પતિ અમૃત રાઠવા પોલીસમાં સુરત ખાતે નોકરી કરે છે. એ દરમિયાન મૃતક મંગીબેન પાવી જેતપુર થી ભીખાપુરા જતી બસમાં કંડક્ટર તરીકે ફરજ પર હતા. ત્યારે બપોરના સમયે બસ ભીખાપુરા ખાતે પહોંચી હતી. એ દરમિયાન ચોકડી પર પહેલાંથી જ હત્યા કરવાના ઈરાદે પહોંચેલા પતિએ બસના પેસેન્જર ઊતરી જતાં ચપ્પા સાથે દોડીને બસમાં ચઢી ગયો હતો. મૃતક મહિલા કાંઈ વિચારે અને બોલે એ પહેલાં જ પોતાની પત્નીને ચપ્પુના ઉપરાછાપરી ગળા, પગ, પેટના ભાગે અને ડાબા હાથની નસ કાપી નાખીને કરપીણ હત્યા કરી હતી. એ બાદ હત્યારો પતિ ત્યાંથી ભાગવા જતાં હાજર લોકોએ તેને ઝડપી પાડીને કદવાલ પોલીસને જાણ કરી હતી.

## વેજલપુર ઘુસર રોડ રોડ બાળવની ઝાડીમાં કત્તલમાં ગોંધી રાખેલ ૫ ગૌવંશ અને એક કત્તલ કરાયેલ ગૌવંશ મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપ્યો

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુરના ઘુસર રોડ પાણીની ટાંકી પાસે બાવળની ઝાડીમાં બે ઈસમોએ ગૌવંશને ગોંધી રાખીને કત્તલ કરવાની પેરવીમાં હોય તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી ગૌવંશ ૫ સહિત કત્તલના સાધનો સહિતના ૧,૪૬,૪૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર ગામના ઘુસર રોડ ઉપર પાણીની ટાંકી પાસે બાવળની ઝાડીમાં વેજલપુરના ત્રણ ઈસમો ફૈઝાન ઈમરાન પાડવા, ઈમરાન અબ્દુલ મજીદ પાડવા, નોમન અબ્દુલ સત્તાર ટપ્પ ભેગા મળીને ગૌવંશને કત્તલના ઈરાદે ગોંધી રાખેલ છે અને કત્તલ કરવાની પેરવીમાં છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન જીવતા ગૌવંશ નંગ-૫ કિંમત ૮૫,૦૦૦/- રૂપીયા કત્તલ કરેલ ગૌવંશ, કત્તલ કરવાના સાધનો ત્રાજવા, તગારા મળી કુલ ૧,૪૬,૪૫૦/-રૂપીયાન મુદ્દામાલ સાથે ફૈઝાન ઈમરાન પાડવાને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે ઈમરાન અબ્દુલ મજીદ પાડ્વા, નોમાન અબ્દુલ સત્તાર ટપ્પ નાશી છુટીયા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પાણી ક્રુરતા નિવારણ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## રિઝર્વ બેંકના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ગોધરાની જનતા બેંક અને હાલોલ અર્બન કો.ઓ.બેંકને દંડ ફટકારવામાં આવ્યો

ગોધરા, જનતા બેંકને ૩ લાખ અને હાલોલ અર્બન કો.ઓ. બેંકને બે લાખ દંડ ફટકારવામાં આવ્યો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ પંચમહાલ જીલ્લાની બે સહકારી બેંકો સહિતની રાજ્યની ૧૭ બેંકોને કેસ રિઝર્વ રેશિયો, સ્ટેચ્યુરીટી લેન્ડીંગ રેસીયો જાળવવામાં નિષ્ફળ જવા બદલ તેમજ ખાતેદારને આવેલી લોન સામે બેંકના ડિરેક્ટર્સને ગેરેન્ટર બનાવીને નિયમોનો ભંગ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા પંચમહાલ ગોધરાની જનતા કો.ઓ.બેંક અને હાલોલ અર્બન કો.ઓ.બેંકના માર્ચ-૨૦૨૧માં આવેલ બેંક ઈન્સ્પેકશન દરમિયાન હકીકત બહાર આવી હતી. બેંક દ્વારા આપવામાં આવેલી લોનમાં ગેરેન્ટર તરીકે ડિરેક્ટર્સના નામ હતા અને આ લોનના નાણાંનો ખરેખર કઈ રીતે ઉપયોગ કરવામાં આવે છે. તેનું નિયમના પણ બેંકે કર્યું ન હતું. ગોધરાની જનતા સહકારી બેંક ઓછામાં ઓછો કેશ રિઝર્વ રેશીયોને જાળવી રાખવામાં નિષ્ફળ ગઈ હતી. કેસ રિઝર્વ રેશિયો, સ્ટેચ્યુરી લેન્ડીંગ રેશિયાનું પાલન કરવામાં બેંક નિષ્ફળ ગઈ હતી. બેંકને રૂપીયા ૩ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. બેંક કેશ રિઝર્વ રેશિયો જાળવી નહિ શકેલ હાલોલ અર્બન કો.ઓ.બેંકને રૂા.૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

## હાલોલના ઈસમે આઠ કંપનીનો લીગલ એડવાઈઝરના કોન્ટ્રાકટર હોવાનું કહી ગાડી ભાડે લઈ માસીક ભાડુ કે ગાડી પરત નહિ આપી છેતરપિંડી કરતાં ફરિયાદ

હાલોલ, હાલોલ મામલતદાર કચેરીમાં ૨૦૧૦ થી અત્યાર સુધી આરોપીને ફરિયાદીને આઠ કંપનીનો લીગલ એડવાઈઝરનો કોન્ટ્રાકટર મારી પાસે છે તેમ કહી તારી ગાડી ભાડે આપો મહિને ૧૮,૦૦૦/-રૂપીયા આપવાનો ભાગ કરાર કરી ગાડી લઈ માસીક ભાડુ કે ગાડી પરત પરત નહિ આવી ઠગાઈ વિશ્વાસઘાત કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ કંજરી રોડ જ્યોતિનગર સોસાયટીમાં રહેતા આરોપી કમલકુમાર ગીરીશભાઈ પંચાલ એ કંજરી ગામના મયુરદતસિંહ રાજેન્દ્રસિંહ ઝાલાને વિશ્વાસમાં લઈને મારે આઠ કંપનીનો લીગલ એડવાઈઝર કોન્ટ્રાકટર છે અને મારે ગાડીઓ કંપનીમાં મુકવાની છે. તમારી ગાડી ભાડે આપી મહિને ૧૮,૦૦૦/-રૂપીયાનું ભાડુ આપીશ. તેમ જણાવ્યું હતું અને મયુરદતસિંહ ઝાલાને નોટરી રૂબરૂમાં ભાડા કરાર કરી આપી ગાડી ભાડે લઈ ગયેલ હતો. જેના ભાડાના રૂપીયા કે ગાડી પરત નહિ આપીને વિશ્વાસઘાત-છેતરપિંડી કરતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે આરોપી કમલ ગીરીશકુમાર પંચાલ વિરૂદ્ધ ૪૦૬,૪૨૦ મુજબ ફરિયાદ નોંધાવા પામી છે.



ઘોઘંબા તાલુકાના સરસવા ગામે શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ વડોદરાના માર્ગદર્શન હેઠળ સુમંગલમ ફાઉન્ડેશન સંચાલિત હાથણી માતા પરિસર સેવા સમિતિ દ્વારા સરસવા ગામે હાથણી માતા ફળીયામાં બીજ પૂજન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.